સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE CURRENT NEWS WEEK 47નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

ICE RAJKOT SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)

[NOV-2019]
[24/11 to 30/11]

# WEEK-48

## CURRENT TOPIC

- કમોસમી વરસાદથી નુકસાનમાં સહાય માટે ગુજરાત સરકારનું ખેડૂતો માટે રૂ. 3795 કરોડનું પેકેજ
- ઈસરો દ્વારા વિશ્વનો સૌથી વધુ શક્તિશાળી કેમેરો ધરાવતો ઉપગ્રહ કાર્ટોસેટ-3 સહિત એક સાથે 14 ઉપગ્રહો લોન્ચ
- મહારાષ્ટ્રમાં 'મહા વિકાસ ગઠબંધન'ની સરકાર, મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી પદે શ્રી ઉદ્ધવ ઠાકરેના શપથ
- ગુજરાતના નવા મુખ્ય સચિવ તરીકે શ્રી અનિલ મુકિમની નિમણૂક
- શ્રી મોહમ્મદ માંકડને વર્ષ 2018નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

# પોલીસ કૉન્સ્ટેબલ

તરીકે જ્વલંત સફળતા મેળવનાર ICEના સર્વે વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન...




ICE®

**INSTITUTE FOR COMPETITIVE EXAMS**

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

## 24 NOVEMBER, 2019 SUNDAY

### ➤ ગુજરાતના ગાંધીનગર ખાતે Health ક્ષેત્રની 6th National Summit યોજાઈ

નવેમ્બર, 2019 દરમિયાન ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આરોગ્ય ક્ષેત્રની છઠ્ઠી રાષ્ટ્રીય સમિટ યોજાઈ હતી.


- કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષ વર્ધનની ઉપસ્થિતિમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સમિટનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના આરોગ્ય અને પરિવાર કલ્યાણ સચિવ સહિત વરિષ્ઠ અધિકારીઓ આ સમિટમાં ઉપસ્થિત રહ્યા હતા.
- આ સમિટની થીમ 'Good & Replicable Practices & Innovations in Public Healthcare Systems in India' હતી.
- આ સમિટના ઉદ્‌ઘાટન સત્રમાં ભારતમાં ન્યુમોનિયાની બીમારી અંગે જાગૃતિ ફેલાવવા માટે SAANS (Social Awareness and Action to Neutralise Pneumonia Successfully) અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત આ સમિટમાં સુરક્ષિત માતૃત્વ માટે SUMAN ગાઈડલાઈન, કેલિડોસ્કોપ ઓફ હેલ્થ સર્વિસિસ ઈન ગુજરાત તેમજ માય ટેકો એપ 2.0 ગુજરાતનું પણ મહાનુભાવોના હસ્તે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.
- ભારતમાં વર્ષ 2013માં સૌપ્રથમ શ્રીનગર ખાતેથી આ સમિટનો પ્રારંભ થયો હતો.

**નોંધ :** (1) નીતિ આયોગ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ હેઠળ કરવામાં આવેલા હેલ્થ રેન્કિંગ 2019માં ભારતના મોટા રાજ્યોમાં ક્રમશઃ કેરળ, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્ર બાદ ગુજરાત ચોથા ક્રમે છે.

(2) 8 ઓક્ટોબર 2017ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાતમાં વડનગર મેડિકલ કોલેજમાંથી 'ટેકો' કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. 'ટેકો' કાર્યક્રમ અંતર્ગત ગુજરાતની તમામ માતાઓ અને બાળકોના આરોગ્યને લગતા રેકોર્ડનું ડિજિટાઈઝેશન કરવામાં આવ્યું છે.

(3) ગુજરાતને રાષ્ટ્રીય કક્ષાએ ટીબી નિવારણ કાર્યક્રમ અંતર્ગત શ્રેષ્ઠ રાજ્ય તરીકેનો એવોર્ડ એનાયત થયો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➢ ગુજરાતમાં સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો વ્યાપ વધારવા ખેડૂતો માટે પોર્ટલ લોન્ચ

**સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિ** દ્વારા ગુજરાતના ખેડૂતો ઓછા પાણીએ વધુ ખેતી કરી શકે તે માટે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી **શ્રી નીતિનભાઈ પટેલે** ખેડૂતો માટે **http://khedut.ggrc.co.in** પોર્ટલ લોન્ચ કર્યું છે.

- ગુજરાતમાં **ડ્રીપ ઈરીગેશન અથવા તો સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિની** સુવિધા ઉપલબ્ધ કરાવતી **ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની (GGRC)** દ્વારા આ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે.
- સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો લાભ મેળવવા માટે ખેડૂતોએ આ પોર્ટલમાં નોંધણી કરાવવાની રહેશે.
- એકવાર નોંધણી થઈ ગયા બાદ GGRC દ્વારા સામેથી ખેડૂતોનો સંપર્ક કરી સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિ લગાડવાની કામગીરી કરવામાં આવશે.

GGRC Gujarat Green Revolution Company Limited

## ICE ? Questions

1. નવેમ્બર 2019 દરમિયાન ભારતમાં આરોગ્ય ક્ષેત્રની છઠ્ઠી રાષ્ટ્રીય સમિટ કયાં યોજાઈ હતી ?
(A) નવી દિલ્હી (B) લદાખ (C) નાગપુર (D) ગાંધીનગર — **(D)**

2. નવેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આરોગ્ય ક્ષેત્રની કેટલામી રાષ્ટ્રીય સમિટ યોજાઈ હતી ?
(A) ચોથી (B) પાંચમી (C) છઠ્ઠી (D) સાતમી — **(C)**

3. હેલ્થ અંગેની છઠ્ઠી નેશનલ સમિટનું ઉદ્દ્ઘાટન કોણે કર્યું હતું ?
(A) ડો. હર્ષવર્ધન (B) શ્રી વિજયભાઈ રૂપાણી
(C) શ્રી રામનાથ કોવિંદ (D) શ્રી આચાર્ય દેવવ્રત — **(B)**

4. તાજેતરમાં ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલી આરોગ્ય અંગેની છઠ્ઠી રાષ્ટ્રીય સમિટની થીમ શું હતી ?
(A) Good & Replicable Practices & Innovations in Public Healthcare Systems in India
(B) Good & Replicable Practices & Innovations in Private Healthcare Systems in India
(C) Good & Replicable Practices & Innovations in Urban Healthcare Systems in India
(D) Good & Replicable Practices & Innovations in Rural Healthcare Systems in India — **(A)**

5. નીતિ આયોગ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ હેઠળ કરવામાં આવેલા હેલ્થ રેન્કિંગ 2019માં ભારતના મોટા રાજ્યોમાં ગુજરાત કયા ક્રમે છે ?
(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા — **(D)**

6. ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલ આરોગ્ય અંગેની છઠ્ઠી રાષ્ટ્રીય સમિટમાં સુરક્ષિત માતૃત્વ માટે કઈ ગાઈડલાઈન પ્રસિદ્ધ કરવામાં આવી છે ?
(A) KUSUM (B) SUMAN (C) SUGAM (D) SARAL — **(B)**

7. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા કયા ઉદ્દેશથી http://khedut.ggrc.co.in પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે?
(A) બાગાયતી પાકોનો વ્યાપ વધારવા (B) કઠોળનો વ્યાપ વધારવા
(C) ઝીરો બજેટ ફાર્મિંગનો વ્યાપ વધારવા (D) સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો વ્યાપ વધારવા — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 25 NOVEMBER, 2019 MONDAY

### ➢ દિવસ મહિમા : 25 નવેમ્બર, આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિન (International Day for the Elimination of Violence against Women)

મહિલા હિંસા અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 25 નવેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2019ની 'આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ'ની થીમ 'Orange the World : Generation Equality Stands Against Rape' છે.

### ➢ કમોસમી વરસાદથી નુકસાનમાં સહાય માટે ગુજરાત સરકારનું ખેડૂતો માટે રૂ. 3795 કરોડનું પેકેજ



15 ઓક્ટોબરથી 20 નવેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નુકસાન સામે ગુજરાત સરકારે રૂ. 3,795 કરોડની સહાયની જાહેરાત કરી છે.

- સરકારના આ નિર્ણયથી ગુજરાતના લગભગ તમામ આશરે 56.36 લાખ ખેડૂતોને લાભ થશે.
- કુલ રૂપિયા 3,795 કરોડમાંથી State Disaster Response Fund (SDRF) અંતર્ગત કેન્દ્ર સરકાર રૂ. 2154 કરોડ અને ગુજરાત સરકાર રૂ. 1641 કરોડ ચૂકવશે.
- જેમાંથી ગુજરાતમાં 1 ઈંચથી વધુ વરસાદ થયો હોય તેવા વિસ્તારોમાં હેક્ટર દીઠ રૂ. 6800ની સહાય વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં ચૂકવવામાં આવશે.
- વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદા એટલે કે કોઈ ખેડૂત પાસે બે હેક્ટરથી વધુ ગમે તેટલી જમીન હોય તો પણ તેમને હેક્ટર દીઠ રૂ. 6800 લેખે ફક્ત બે હેક્ટરની જ એટલે કે 6800 + 6800 = રૂ. 13600ની જ સહાય આપવામાં આવશે.
- આ ઉપરાંત છૂટો છવાયો અને 1 ઈંચથી ઓછો વરસાદ થયો હોય તેવા અને જ્યાં બિલકુલ નુકસાન ન થયું હોય તેવા વિસ્તારના ખેડૂતોને પણ પ્રતિ ખાતેદાર ઉચ્ચક રૂ. 4000 લેખે સહાય ચૂકવવામાં આવશે.

નોંધ : (1) ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો માટે આ અગાઉ રૂ. 700 કરોડના પેકેજની જાહેરાત કરવામાં આવી હતી.
(2) જોકે ગુજરાતના તમામ ખેડૂતોને લાભ મળે તે માટે સરકારે હવે રૂ. 3795 કરોડના પેકેજની જાહેરાત કરી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➢ ભારતીય ટેસ્ટ ઈતિહાસની પ્રથમ ડે-નાઈટ મેચમાં ભારતનો ભવ્ય વિજય



22થી 26 નવેમ્બર 2019 દરમિયાન ભારતમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ડે-નાઈટ ટેસ્ટ મેચનું આયોજન થયું હતું.

- જે ભારતીય ટેસ્ટ ઈતિહાસની પ્રથમ ડે-નાઈટ ટેસ્ટ મેચ હતી.
- ભારતમાં પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે આવેલા ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં આ મેચ રમાઈ હતી.
- આ મેચ પિન્ક અથવા તો ગુલાબી બોલથી રમાઈ હતી.
- પિન્ક અથવા તો ગુલાબી બોલથી રમાયેલી ભારતીય ટેસ્ટ ઈતિહાસની આ પ્રથમ ટેસ્ટ મેચ હતી.

- **બાંગ્લાદેશ**ના વડાપ્રધાન **સુશ્રી શેખ હસીના** અને **પશ્ચિમ બંગાળ**ના મુખ્યમંત્રી **સુશ્રી મમતા બેનર્જી**એ ઘંટ વગાડીને આ ટેસ્ટ મેચનો શુભારંભ કરાવ્યો હતો.
- આ મેચમાં ભારતે **ત્રીજા જ દિવસે** બાંગ્લાદેશને **એક ઈનિંગ્સ અને 46 રન**થી પરાજય આપ્યો હતો.
- આ સાથે જ ભારત **સળંગ ચાર ટેસ્ટ એક ઈનિંગ્સના માર્જીન**થી જીતનારો **વિશ્વનો પ્રથમ દેશ** બની ગયો છે.
- આ ઉપરાંત આ ટેસ્ટ વિજયની સાથે જ ભારતે બાંગ્લાદેશ સામેની બે ટેસ્ટ મેચની સિરિઝ **2-0થી** જીતી લીધી છે.
- આ સાથે જ ભારતે **ઘરઆંગણે સતત 12મી ટેસ્ટ શ્રેણી** જીતવાની સિદ્ધિ મેળવી છે.
- આ સિવાય **શ્રી વિરાટ કોહલી**ની કેપ્ટનશિપ હેઠળનો ભારતનો આ સળંગ સાતમો ટેસ્ટ વિજય હતો. આથી, શ્રી વિરાટ કોહલી **સતત સાત ટેસ્ટ** જીતનારા **ભારતના પ્રથમ કેપ્ટન** બની ગયા છે.
- આ અગાઉ આ રેકોર્ડ શ્રી મહેન્દ્રસિંહ ધોનીના નામે હતો. શ્રી મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટનશિપમાં વર્ષ 2013માં ભારત સતત 6 ટેસ્ટ જીત્યું હતું.

**નોંધ :** (1) ભારતની પ્રથમ ડે-નાઈટ ટેસ્ટ મેચમાં **શ્રી ઈશાંત શર્મા** '**મેન ઓફ ધ મેચ**' જાહેર થયા હતા. આ ઉપરાંત બાંગ્લાદેશ સામેની ટેસ્ટ સિરિઝમાં તેઓ '**પ્લેયર ઓફ ધ સિરિઝ**' પણ બન્યા હતા.

(2) ભારતની પ્રથમ ડે-નાઈટ ટેસ્ટ મેચના **બીજા દિવસે ભારત**ના પ્રસિદ્ધ **ચેસ** ખેલાડી **શ્રી વિશ્વનાથન આનંદ** અને **નોર્વે**ના **ચેસ** ખેલાડી **શ્રી મેગ્નસ કાર્લસને** ઘંટ વગાડીને બીજા દિવસની રમતનો પ્રારંભ કરાવ્યો હતો.

(3) બાંગ્લાદેશ સામેની આ પ્રથમ ડે-નાઈટ ટેસ્ટ મેચમાં ભારતે ફક્ત 968 બોલ ફેંકાયા બાદ જ વિજય મેળવી લીધો હતો. જે **ભારતનો સૌથી ઝડપી ટેસ્ટ વિજય** હતો.


ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ Special Discount

તમામ જૂના વિદ્યાર્થીઓને 50% Discount

50% Discount — 85% થી વધુને

20% Discount — 70% થી વધુને

15% Discount — 40% થી વધુને

2012 - 18 1237+ સફળ ઉમેદવાર

તલાટી / જુનિયર કલાર્ક સિનિયર કલાર્ક / મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વગેરે...

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

MASTER BATCH SPECIAL DISCOUNT

ફ્રી ટ્રાયલ લેક્ચર 10/12/19 Time : 4 To 6 pm

રાજકોટ

100% સફળતા માટે ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

93757-01110
93280-01110

## ICE Questions

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 23 નવેમ્બર (B) 24 નવેમ્બર (C) 25 નવેમ્બર (D) 26 નવેમ્બર **(C)**

2. વર્ષ 2019ની 'આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ'ની થીમ શું છે ?
(A) Red the World : Generation Equality Stands Against Rape
(B) Green the World : Generation Equality Stands Against Rape
(C) Orange the World : Generation Equality Stands Against Rape
(D) Black the World : Generation Equality Stands Against Rape **(C)**

3. 15 ઓક્ટોબરથી 20 નવેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નુકસાન માટે ગુજરાત સરકારે કુલ કેટલા કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી છે ?
(A) 3,295 (B) 3,495 (C) 3,695 (D) 3,795 **(D)**

4. ગુજરાત સરકારે કરેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં 1 ઈંચથી વધુ કમોસમી વરસાદ વાળા વિસ્તારોમાં ખેડૂતોને હેક્ટર દીઠ કેટલી સહાય ચૂકવવામાં આવશે ?
(A) 6,300 (B) 6,500 (C) 6,600 (D) 6,800 **(D)**

5. ગુજરાત સરકારે કરેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં એક ઈંચથી વધુ કમોસમી વરસાદ વાળા વિસ્તારોમાં ખેડૂતોને કેટલા હેક્ટરની મર્યાદામાં હેક્ટર દીઠ રૂ. 6800 સહાય ચૂકવવામાં આવશે ?
(A) 1.5 (B) 2 (C) 3 (D) 4 **(B)**

6. ગુજરાતમાં 1 ઈંચથી ઓછો કમોસમી વરસાદ થયો હોય તેવા વિસ્તારોમાં અથવા તો જ્યાં ખેડૂતોને બિલકુલ નુકસાન ન થયું હોય તેવા વિસ્તારોમાં ગુજરાત સરકાર દ્વારા ખાતેદાર દીઠ ઉચ્ચક કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવશે ?
(A) 4000 (B) 5000 (C) 6000 (D) 6,800 **(A)**

7. ભારતીય ટેસ્ટ ઈતિહાસની પ્રથમ ડે-નાઈટ ટેસ્ટ મેચ કયા સ્ટેડિયમ પર યોજાઈ હતી ?
(A) વાનખેડે (B) મોટેરા (C) ઈડન ગાર્ડન (D) અરૂણ જેટલી **(C)**

8. ભારતે કયા દેશ સામે ભારતના ટેસ્ટ ઈતિહાસની પ્રથમ ડે-નાઈટ ટેસ્ટ મેચ રમી છે ?
(A) ઓસ્ટ્રેલિયા (B) ઈંગ્લેન્ડ (C) શ્રીલંકા (D) બાંગ્લાદેશ **(D)**

9. ભારતીય ટેસ્ટ ઈતિહાસની પ્રથમ ડે-નાઈટ ટેસ્ટ મેચનો પ્રથમ દિવસે ઘંટ વગાડીને કોણે શુભારંભ કરાવ્યો હતો?
(A) શ્રી સૌરવ ગાંગુલી (B) શ્રી વિશ્વનાથન આનંદ અને શ્રી મેગ્નસ કાર્લસન
(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી (D) સુશ્રી મમતા બેનર્જી અને સુશ્રી શેખ હસીના **(D)**

10. તાજેતરમાં બાંગ્લાદેશને એક ઈનિંગ્સના માર્જિનથી પરાજય આપીને ભારતે સળંગ કેટલી ટેસ્ટ એક ઈનિંગ્સના માર્જિનથી જીતનાર વિશ્વના પ્રથમ દેશ બનવાની સિદ્ધિ મેળવી છે ?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ **(B)**

11. સતત સાત ટેસ્ટ જીતનાર ભારતના પ્રથમ કેપ્ટન કોણ છે ?
(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી મહેન્દ્રસિંહ ધોની
(C) શ્રી સૌરવ ગાંગુલી (D) શ્રી મોહમ્મદ અઝરૂદ્દીન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 26 NOVEMBER, 2019 TUESDAY

➤ **દિવસ મહિમા : 26 નવેમ્બર, (1) રાષ્ટ્રીય બંધારણ દિવસ**
**(2) વિશ્વ માલધારી દિવસ**
**(3) રાષ્ટ્રીય દૂધ દિવસ (National Milk Day)**

### રાષ્ટ્રીય બંધારણ દિવસ

ભારતમાં બંધારણ સભા દ્વારા **26 નવેમ્બર, 1949**ના રોજ ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

- આથી, ભારતમાં **26 નવેમ્બર** '**રાષ્ટ્રીય બંધારણ દિવસ**' તરીકે ઉજવાય છે.
- ભારતમાં રાષ્ટ્રીય બંધારણ દિવસ '**સંવિધાન દિવસ**' અથવા તો '**રાષ્ટ્રીય કાયદા દિવસ**' તરીકે પણ ઓળખાય છે.
- 26 નવેમ્બર 2019ના રોજ આ દિવસને **70 વર્ષ** પૂરા થયા છે. આથી, 26 નવેમ્બર, 2019ના રોજ ભારતમાં 'રાષ્ટ્રીય બંધારણ દિવસ'ની **70મી વર્ષગાંઠ**ની ઉજવણી કરવામાં આવી છે.
- ભારતમાં 'રાષ્ટ્રીય બંધારણ દિવસ'ની **70મી વર્ષગાંઠ**ની ઉજવણી નિમિત્તે **નવી દિલ્હી** ખાતે ભારતની **સંસદના સેન્ટ્રલ હોલ**માં વિશેષ સમારોહનું આયોજન થયું હતું.
- જેમાં ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** 'રાષ્ટ્રીય બંધારણ દિવસ'ના **ઉદ્દઘાટન સમારંભ**માં સંબોધન કર્યું હતું.
- જ્યારે ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** 'રાષ્ટ્રીય બંધારણ દિવસ' નિમિત્તે સંસદના સેન્ટ્રલ હોલમાં યોજાયેલા **સંસદના સંયુક્ત સત્ર**ને સંબોધન કર્યું હતું.

**નોંધ :** 26 નવેમ્બર 2019ના રોજ ગુજરાતમાં મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**, ગુજરાતના રાજ્યપાલ **શ્રી આચાર્ય દેવવ્રત** અને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ **શ્રી વિક્રમનાથ**ની ઉપસ્થિતિમાં **ગુજરાત હાઈકોર્ટ** ખાતે '**બંધારણ દિવસ**'ની ઉજવણી કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 'મૂળભૂત ફરજો' સંબંધિત રાષ્ટ્રીય ઝૂંબેશ

'રાષ્ટ્રીય બંધારણ દિવસ'ની 70મી વર્ષગાંઠ નિમિત્તે ભારતમાં સંવિધાનની ખૂબ જ મહત્ત્વની '**મૂળભૂત ફરજો**' અંગે લોકજાગૃતિ કેળવવા **રાષ્ટ્રીય ઝૂંબેશ** યોજાશે.

- ભારતમાં **26 નવેમ્બર, 2019**થી આ ઝૂંબેશ શરૂ થશે.
- અને **14 એપ્રિલ 2020**ને ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતીના રોજ તેનું **સમાપન** થશે.
- આ રાષ્ટ્રીય ઝૂંબેશમાં કેન્દ્ર સરકારનું **કાયદો અને ન્યાય મંત્રાલય** મધ્યસ્થ મંત્રાલય તરીકે કાર્ય કરશે.

### ભારતના બંધારણની રચનાનો સંક્ષિપ્ત ઈતિહાસ

#### બંધારણ નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ

- ભારતના બંધારણના નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ **10 ઓગસ્ટ, 1928**ના રોજ રજૂ થયેલા **નહેરુ રિપોર્ટ**માં થયો હતો.
- આથી '**નહેરુ રિપોર્ટ**'ને બંધારણની '**બ્લૂપ્રિન્ટ**' કહેવામાં આવે છે.
- આ રિપોર્ટ **શ્રી મોતિલાલ નહેરુ**ની અધ્યક્ષતામાં બનેલી એક સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

## બંધારણ સભાના અધ્યક્ષ

- ભારતના બંધારણના નિર્માણ માટે બંધારણ સભાની પ્રથમ બેઠક **9 ડિસેમ્બર, 1946**ના રોજ **નવીદિલ્હી**ના વર્તમાન **સંસદ ભવન**ના **સેન્ટ્રલ હોલ**માં મળી હતી.
- બંધારણ સભાની આ **પ્રથમ બેઠક**માં બંધારણ સભાના **કાર્યકારી અધ્યક્ષ** તરીકે **ડો. સચ્ચિદાનંદ સિન્હા**ની નિમણૂક કરવામાં આવી હતી.
- જોકે ત્યારબાદ **11 ડિસેમ્બર, 1946**ના રોજ **ડો. રાજેન્દ્ર પ્રસાદ** બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

## ઉદ્દેશ પ્રસ્તાવ

- બંધારણ સભામાં **13 ડિસેમ્બર, 1946**ના રોજ **શ્રી જવાહર લાલ નહેરુ** દ્વારા **'ઉદ્દેશ પ્રસ્તાવ'** રજૂ કરવામાં આવ્યો હતો.
- **22 જાન્યુઆરી, 1947**ના રોજ આ **'ઉદ્દેશ પ્રસ્તાવ'** સ્વીકારવામાં આવ્યો. આગળ જતાં આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' બંધારણનું **'આમુખ'** બન્યો.

## બંધારણ સભાના કાર્યો

- બંધારણ સભાના મુખ્ય બે કાર્યો હતા :

(1) **બંધારણનું નિર્માણ** અને (2) **દેશ માટે સામાન્ય કાયદાઓનું ઘડતર**

- જ્યારે બંધારણ સભા બંધારણના નિર્માણ માટે મળતી હતી ત્યારે તેના અધ્યક્ષ ડો. રાજેન્દ્ર પ્રસાદ રહેતા.
- અને બંધારણ સભા જ્યારે દેશ માટે સામાન્ય કાયદાઓનું ઘડતર કરવા માટે મળતી ત્યારે એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકેની તેની ભૂમિકા રહેતી હતી. આ દરમિયાન તેના અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર રહેતા હતા.

## ધારાકીય સંસ્થા (સંસદ) તરીકે બંધારણ સભા

- એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકે બંધારણ સભા સૌપ્રથમ વખત **17 નવેમ્બર, 1947**ના રોજ મળી હતી અને આ બેકઠમાં જ **શ્રી ગણેશ વાસુદેવ માવળંકર** સ્પીકર તરીકે ચૂંટાઈ આવ્યા હતા.
- બંધારણ સભા સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદ બની હતી.

## મુસદ્દા સમિતિ

- ભારતના બંધારણના ઘડતર માટે અનેક સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ તમામ સમિતિઓમાં **મુસદ્દા (અથવા પ્રારૂપ અથવા તો ખરડા) સમિતિ** સૌથી મહત્ત્વની હતી.
- આ સમિતિનું કાર્ય બંધારણનું પ્રારૂપ તૈયાર કરવાનું હતું.
- આ સમિતિમાં કુલ 7 સભ્યો હતા.
- આ સમિતિના અધ્યક્ષ તરીકે **ડો. બાબાસાહેબ આંબેડકર**ની નિમણૂક કરવામાં આવી હતી.

## બંધારણ નિર્માણ સ્વીકાર અને અમલ

- બંધારણ સભા દ્વારા કુલ **11 સત્રો** યોજીને **2 વર્ષ, 11 મહિના** અને **18 દિવસ**માં બંધારણ તૈયાર કરવામાં આવ્યું હતું.
- બંધારણના વિવિધ ભાગોના અભ્યાસ માટે બંધારણ સભાની કુલ **166 બેઠકો** મળી હતી.
- બંધારણ સભાએ બંધારણનું

  પ્રથમ વાંચન : 17 ઓક્ટોબર, 1949

  બીજું વાંચન : 16 નવેમ્બર, 1949 અને

  ત્રીજું વાંચન : 26 નવેમ્બર, 1949ના રોજ પૂરું કર્યું હતું.

- **26 નવેમ્બર, 1949**ના રોજ ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો અને બંધારણ સભાના કુલ 299 સભ્યોમાંથી તે સમયે હાજર 284 સભ્યોએ બંધારણ પર હસ્તાક્ષર કર્યા હતા.
- અને નાગરિકત્વ, ચૂંટણીઓ, કામચલાઉ સંસદ, કામચલાઉ અને પરિવર્તનશીલ જોગવાઈઓ તાત્કાલિક એટલે કે 26 નવેમ્બર, 1949ના રોજ અમલમાં આવી ગઈ.
- ત્યારબાદ **26 જાન્યુઆરી, 1950**ના રોજ ભારતના **સંપૂર્ણ બંધારણનો અમલ** કરવામાં આવ્યો.

**નોંધ :** (1) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ઈ.સ. **1930ના લાહોર અધિવેશન**માં **26 જાન્યુઆરીને 'પૂર્ણ સ્વરાજ દિવસ'** તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. આથી **26 જાન્યુઆરી**ના રોજ ભારતનું સંપૂર્ણ બંધારણ લાગુ કરવામાં આવ્યું હતું.

(2) બંધારણ સભા દ્વારા **24 જાન્યુઆરી, 1950**ના રોજ ભારતના **રાષ્ટ્રગીત** અને **રાષ્ટ્રગાન**નો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

(3) ભારતમાં **26 નવેમ્બર, 1949**ના રોજ બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આથી ભારતમાં **26 નવેમ્બર 'કાયદા દિવસ'** અથવા તો **'બંધારણ દિવસ'** તરીકે ઉજવાય છે.

## ભારતીય બંધારણના પરીક્ષાલક્ષી અત્યંત મહત્ત્વના કેટલાક સુધારાઓ

ભારતીય બંધારણના **ભાગ-20**ના **અનુચ્છેદ 368** અનુસાર ભારતના બંધારણમાં સુધારો થઈ શકે છે.

- આ અંતર્ગત 26 નવેમ્બર, 2019 સુધીમાં ભારતના બંધારણમાં કુલ 103 સુધારાઓ થયા છે.
- તાજેતરમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે પછાત વર્ગને અનામત આપવા માટે **'બંધારણીય (124મા) સુધારા (પ્રસ્તાવ) વિધેયક 2019'** દ્વારા ભારતના બંધારણમાં 103મો સુધારો કરવામાં આવ્યો છે.ભારતીય બંધારણમાં અત્યાર સુધી થયેલા 103 સુધારાઓમાંથી પરીક્ષાની દૃષ્ટિએ અત્યંત અગત્યના કેટલાક સુધારાઓ આ પ્રમાણે છે :

### 7મો બંધારણીય સુધારો, 1956

રાજ્ય પુનર્રચના પંચના રિપોર્ટ અનુસાર ભાષાને આધારે રાજ્યોની પુનર્રચના કરવા માટે ભારતના બંધારણમાં આ સુધારો કરવામાં આવ્યો હતો.

- આઝાદી સમયે ભારતમાં ક, ખ, ગ, ઘ એમ કુલ ચાર વર્ગોમાં રાજ્યો અસ્તિત્વમાં હતા.
- આ સાતમા બંધારણીય સુધારાથી ભારતમાં આ ચાર વર્ગોના રાજ્યોની જગ્યાએ નવા 14 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશો અસ્તિત્વમાં આવ્યા.

### 42મો બંધારણીય સુધારો, 1976

બંધારણનો 42મો સુધારો સૌથી મહત્ત્વનો બંધારણીય સુધારો છે. તેને **'મિની કોન્સ્ટીટ્યુશન'** અથવા તો **'લઘુ બંધારણ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ સુધારા દ્વારા શ્રી સ્વર્ણ સિંહ સમિતિની ભલામણો લાગુ કરવામાં આવી હતી. આ સુધારાની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) બંધારણના આમુખમાં 'સમાજવાદી', 'ધર્મનિરપેક્ષ' અને 'અખંડતા' એમ કુલ નવા ત્રણ શબ્દો ઉમેરાયા.
(2) બંધારણમાં નવા ભાગ 4–ક દ્વારા મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી.
(3) કેબિનેટની સલાહ રાષ્ટ્રપતિ માટે બંધનકર્તા બનાવવામાં આવી.
(4) લોકસભા અને વિધાનસભા કાર્યકાળને 5 વર્ષથી 6 વર્ષ કરાયા.
(5) બંધારણીય સુધારાઓને ન્યાયિક તપાસમાંથી મુક્ત કરવામાં આવ્યા.
(6) ત્રણ નવા માર્ગદર્શક સિદ્ધાંતનો ઉમેરો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 44મો બંધારણીય સુધારો, 1978

42મા બંધારણીય સુધારા દ્વારા લાગુ કરવામાં આવેલી કેટલીક જોગવાઈઓને રદ કરવા માટે જનતા સરકાર દ્વારા આ 44મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો હતો. જેની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) લોકસભા અને વિધાનસભાની મુદત પૂર્વવત્ 5 વર્ષ કરવામાં આવી.

(2) રાષ્ટ્રીય કટોકટીના સંદર્ભમાં 'આંતરિક અશાંતિ' શબ્દની જગ્યાએ 'સશસ્ત્ર વિદ્રોહ' શબ્દ ઉમેરવામાં આવ્યો.

(3) ફક્ત કેબિનેટની લેખિત ભલામણ દ્વારા જ રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી.

(4) મૂળભૂત અધિકારોની યાદીમાંથી સંપત્તિનો અધિકાર સમાપ્ત કરવામાં આવ્યો અને તેને ફક્ત કાનૂની અધિકાર બનાવવામાં આવ્યો.

(5) રાષ્ટ્રીય કટોકટી વખતે અનુચ્છેદ 20 અને 21 દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારો પર રોક લગાવી શકાશે નહિ.

## 52મો બંધારણીય સુધારો, 1985

આ સુધારો પક્ષ–પલટા વિરોધી કાયદા તરીકે ઓળખાય છે. આ સુધારા દ્વારા બંધારણમાં 10મી અનુસૂચિ જોડવામાં આવી. તેમાં સંસદ કે વિધાનસભાનો કોઈ સભ્ય પક્ષ બદલે તો તેનું સભ્યપદ સમાપ્ત કરવાની જોગવાઈ છે.

## 61મો બંધારણીય સુધારો, 1989

આ સુધારાથી મતાધિકારની વય મર્યાદા 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી.

## 73મો બંધારણીય સુધારો, 1992

આ સુધારાથી પંચાયતીરાજ વ્યવસ્થા અમલમાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9 અને પરિશિષ્ટ-11 ઉમેરવામાં આવ્યા.

## 74મો બંધારણીય સુધારો, 1992

આ સુધારા દ્વારા નગરપાલિકા (શહેરી સ્થાનિક સંસ્થાઓ)ને બંધારણીય સ્થિતિ અને સુરક્ષા આપવામાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9ક અને પરિશિષ્ટ-12 ઉમેરવામાં આવ્યા.

## 86મો બંધારણીય સુધારો, 2002

આ સુધારા દ્વારા 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો. આ માટે બંધારણમાં અનુચ્છેદ-21(ક) તથા 51(ક)(ઢ) ઉમેરવામાં આવી. જેના દ્વારા નવી 11મી મૂળભૂત ફરજ અસ્તિત્વમાં આવી.

## 93મો બંધારણીય સુધારો, 2006

આ સુધારા દ્વારા સામાજિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાતો માટે એટલે કે અન્ય પછાત વર્ગ (OBC) માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની વ્યવસ્થા કરવામાં આવી. આ માટે અનુચ્છેદ-15માં પરિવર્તન કરવામાં આવ્યું.

## 94મો બંધારણીય સુધારો, 2011

આ સુધારા દ્વારા ભારતમાં સહકારી મંડળીઓને બંધારણીય સ્થાન અને સંરક્ષણ આપવામાં આવ્યું.

## 101મો બંધારણીય સુધારો, 2016

ભારતમાં GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) લાગુ કરવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે.

## 103મો બંધારણીય સુધારો, 2019

ભારતમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને સરકારી નોકરીઓ તથા શિક્ષણ સંસ્થાઓમાં અનામત આપવા માટે તાજેતરમાં આ સુધારો કરવામાં આવ્યો છે. આ માટે બંધારણમાં અનુચ્છેદ 15(6) અને 16(6) ઉમેરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાષ્ટ્રીય દૂધ દિવસ

ભારતમાં દર વર્ષે 26 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય દૂધ દિવસ' (National Milk Day)ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં શ્વેત ક્રાંતિના પ્રણેતા ડો. વર્ગીસ કુરિયનની યાદમાં તેમનો જન્મદિન 26 નવેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય દૂધ દિવસ' તરીકે ઉજવાય છે.
- ડો. વર્ગીસ કુરિયનનો જન્મ 26 નવેમ્બર 1921ના રોજ કેરળના કાલિકટ (વર્તમાન કોઝિકોડ) ખાતે થયો હતો.
- ડો. વર્ગીસ કુરિયન ભારતમાં શ્વેત ક્રાંતિના પિતા ગણાય છે. તેમણે ભારતમાં શરૂ કરેલા વિશ્વના સૌથી મોટા ડેરી વિકાસ કાર્યક્રમ 'ઓપરેશન ફ્લડ'ને કારણે ભારત 1998માં અમેરિકાને પાછળ રાખીને વિશ્વનો સૌથી વધુ દૂધ ઉત્પન્ન કરતો દેશ બન્યો હતો.

**નોંધ :** (1) ભારતમાં પ્રથમ 'રાષ્ટ્રીય દૂધ દિવસ' 26 નવેમ્બર, 2014ના રોજ ઉજવવામાં આવ્યો હતો.

(2) ભારતમાં 26 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય દૂધ દિવસ' ઉજવાય છે. જ્યારે 'વિશ્વ દૂધ દિવસ' (World Milk Day) 1 જૂનના રોજ ઉજવાય છે.

સાવધાન નવયુવાનો, જાગવા એલાન છે
કોન્સ્ટેબલ થવા શૂરવીરોને ICEનું આહવાન છે...
પોલીસ કોન્સ્ટેબલ આક્રમક તૈયારી
નવી બેચ શરૂ
ફ્રી ટ્રાયલ લેક્ચર 05-12-19 બપોર : 1 થી 3
10% DISCOUNT વહેલા તે પહેલાના ધોરણે

કાયદાની અસંખ્ય કલમોમાંથી પરીક્ષાલક્ષી કલમોની સચોટ પસંદગી અને જટિલ જોગવાઈઓ સદાય યાદ રહી જાય તેવી સરળ સમજણ આપતું શિક્ષણ
ગુજરાત પોલીસની ભરતીઓમાં પસંદગી પામતા 1154થી વધુ સફળ ઉમેદવારો
ગણિત અને રીઝનીંગના આંટીઘૂંટીયુક્ત પ્રશ્નોની એકડે-એકથી સુગમ-સરળ સમજૂતી
પોલીસ ભરતીના નિષ્ણાત ફેકલ્ટીઓની વિશાળ ટીમ
નિશ્ચિત સફળતાની હાઈટેક વ્યુહરચના
32+ Weekly Test MEGA TEST SERIES ON OMR SHEET
સંભવિત પ્રશ્નપત્રની OMR પેપર પ્રેક્ટિસ અને ટુ ધી પોઈન્ટ એડવાન્સ લેવલ મટીરિયલ્સ
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
93757-01110
93280-01110
સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ

## ➤ ગુજરાતમાં ગાંધીનગર ખાતેથી રાજ્યવ્યાપી શાળા આરોગ્ય કાર્યક્રમનો પ્રારંભ



25 નવેમ્બર, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીએ** **ગાંધીનગર** ખાતેથી ગુજરાતમાં રાજ્યવ્યાપી **શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ**નો પ્રારંભ કરાવ્યો છે.

- આ શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત **0થી 18 વર્ષ**ની ઉંમરના **શાળાએ જતા તથા શાળાએ ન જતા** બાળકોની **આરોગ્ય તપાસ અને સારવાર** કરવામાં આવે છે.
- આ શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાળકોમાં નાનપણથી જ ગંભીર બિમારીનું નિદાન કરીને તેની સારવાર કરવાનો છે.
- નાણાકીય વર્ષ **2018-19** દરમિયાન ગુજરાતમાં આશરે **1 કરોડ 59 લાખ** બાળકોમાંથી **99 ટકા** બાળકોને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.
- ગુજરાતમાં **25 નવેમ્બર 2019થી 30 જાન્યુઆરી 2020** સુધી આ કાર્યક્રમ યોજાશે. જેમાં **1.5 કરોડથી વધુ** બાળકોની તપાસ કરવામાં આવશે.

**નોંધ :** (1) ગુજરાતના નાયબ મુખ્યમંત્રી **શ્રી નીતિનભાઈ પટેલે ગાંધીનગર** જિલ્લાના **કલોલ** તાલુકાના **ઈસંડ** ખાતેથી આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.

(2) આ કાર્યક્રમ અંતર્ગત હૃદયરોગ, કેન્સર, કિડની, બોર્નમેરો ટ્રાન્સપ્લાન્ટ વગેરે જેવા ગંભીર રોગોમાં બાળકોને વિના મૂલ્યે **'સુપર સ્પેશિયાલીટી'** સારવાર આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 'વિશ્વ માલધારી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 24 નવેમ્બર (B) 25 નવેમ્બર (C) 26 નવેમ્બર (D) 27 નવેમ્બર — **(C)**
2. 'રાષ્ટ્રીય દૂધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 24 નવેમ્બર (B) 25 નવેમ્બર (C) 26 નવેમ્બર (D) 27 નવેમ્બર — **(C)**
3. 'વિશ્વ દૂધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 26 નવેમ્બર (B) 1 જૂન (C) 11 જૂન (D) 21 જૂન — **(B)**
4. ભારતમાં 'રાષ્ટ્રીય બંધારણ દિવસ' અથવા તો 'રાષ્ટ્રીય કાયદા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 24 નવેમ્બર (B) 25 નવેમ્બર (C) 26 નવેમ્બર (D) 27 નવેમ્બર — **(C)**
5. 26 નવેમ્બર, 2019ના રોજ ભારતમાં 'રાષ્ટ્રીય બંધારણ દિવસ'ની કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે ?
   (A) 68મી (B) 69મી (C) 70મી (D) 71મી — **(C)**
6. ભારતમાં બંધારણ સભા દ્વારા ભારતના બંધારણનો સ્વીકાર ક્યારે કરવામાં આવ્યો હતો ?
   (A) 26 નવેમ્બર, 1948 (B) 26 નવેમ્બર, 1949
   (C) 26 નવેમ્બર, 1950 (D) 26 નવેમ્બર, 1951 — **(B)**

7. ભારતમાં 'રાષ્ટ્રીય બંધારણ દિવસ'ની 70મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે ભારતીય બંધારણના કયા ભાગ અંગે લોક જાગૃતિ કેળવવા ભારતમાં રાષ્ટ્રીય ઝૂંબેશનું આયોજન કરવામાં આવ્યું છે ?
(A) આમુખ (B) મૂળભૂત અધિકારો (C) મૂળભૂત ફરજો (D) માર્ગદર્શક સિદ્ધાંતો — **(C)**

8. ભારતમાં 26 નવેમ્બર, 2019થી કયાં સુધી 'મૂળભૂત ફરજો' સંબંધિત લોકજાગૃતિ કેળવવા રાષ્ટ્રીય ઝૂંબેશનું આયોજન કરવામાં આવ્યું છે ?
(A) 10 એપ્રિલ, 2020 (B) 12 એપ્રિલ, 2020
(C) 14 એપ્રિલ, 2020 (D) 16 એપ્રિલ, 2020 — **(C)**

9. ભારતમાં યોજાઈ રહેલી 'મૂળભૂત ફરજો' અંગેની રાષ્ટ્રીય ઝૂંબેશમાં મધ્યસ્થ મંત્રાલય તરીકે કેન્દ્ર સરકારના કયા મંત્રાલયની પસંદગી કરવામાં આવી છે ?
(A) માનવ સંસાધન વિકાસ (B) સંસદીય બાબતો (C) ગૃહ (D) કાયદો અને ન્યાય — **(D)**

10. 25 નવેમ્બર, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ક્યાંથી ગુજરાતમાં રાજ્યવ્યાપી શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) રાજકોટ (D) દાહોદ — **(B)**

11. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ગુજરાતમાં કેટલી વય જૂથના શાળાએ જતા તથા શાળાએ ન જતા બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર કરવામાં આવે છે ?
(A) 5 થી 15 (B) 6 થી 18 (C) 0 થી 15 (D) 0 થી 18 — **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS


# Dy.S.O. / નાયબ મામલતદાર

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

ALL THE BEST



**27 NOVEMBER, 2019 WEDNESDAY**

## ➤ રાજકોટ-અમદાવાદ વચ્ચે સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની મંજૂરી

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં **અમદાવાદ અને રાજકોટ** વચ્ચે **સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ**ને મંજૂરી આપી દીધી છે.

- આ પ્રોજેક્ટનો કુલ અંદાજિત ખર્ચ રૂ. 11,300 કરોડ થશે.
- આ પ્રોજેક્ટને કારણે **અમદાવાદ અને રાજકોટ** વચ્ચેનું અંતર ફક્ત **2 કલાક**માં જ કાપી શકાશે.
- હાલ આ માટે અંદાજે 3.30થી 5.00 કલાક સુધીનો સમય લાગે છે.
- આ પ્રોજેક્ટમાં જમીન સંપાદનમાં વધારે સમસ્યા ન આવે તે માટે ગુજરાત સરકારે **અમદાવાદ અને રાજકોટ** વચ્ચેના **નેશનલ હાઈવે નંબર 47**ની બાજુમાં જ આ ટ્રેન કોરિડોર બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે.
- આ પ્રોજેક્ટને કેન્દ્ર સરકારના **અમદાવાદ - મુંબઈ હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ** (અથવા તો **Bullet train Project**) સાથે જોડવામાં આવશે. જેનાથી રાજકોટથી મુંબઈ વચ્ચેની મુસાફરીમાં સરળતા થશે.

## ➤ ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા લેવાયેલા ક્રાંતિકારી નિર્ણયો સંદર્ભે યોજાયો માર્ગદર્શક કાર્યક્રમ 'મહેસૂલમાં ક્રાંતિ'




ગુજરાતના નાગરિકોને મહેસૂલી સેવાઓ સરળતાથી અને ઝડપથી ઉપલબ્ધ બને એ માટે ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે અનેકવિધ ક્રાંતિકારી નિર્ણયો કર્યા છે. આ નિર્ણયોની જાણકારી માટે **ગાંધીનગરના મહાત્મા મંદિર** ખાતે એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમને **'મહેસૂલમાં ક્રાંતિ'** નામ આપવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **'iORA - 2.0'** નો શુભારંભ કરાવ્યો હતો.

### iORA - 2.0

**iORA**નું પૂરું નામ **Integrated Online Revenue Applications** છે.

- આ એપ્લિકેશનના માધ્યમથી ગુજરાતના નાગરિકોને મહેસૂલ વિભાગ સંબંધિત નીચેની સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ થશે :

(1) બિનખેતી પરવાનગી / હેતુફેરની પરવાનગી

(2) વારસાઈ નોંધ, સુધારા હુકમ માટેની અરજી

(3) ઔદ્યોગિક હેતુ માટે જમીન ખરીદવાની પરવાનગી / જમીન ખરીદવાની પરવાનગી

(4) પ્રિમિયમ ભરવાની તેમજ મુદત વધારો આપવાની પરવાનગી (ખેતી તથા બિનખેતી હેતુ માટે)

(5) બિનખેતી પ્રિમિયમ સાથે બિનખેતી પરવાનગી (એક જ અરજી)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(6) બિનખેતીની પ્રોવિઝનલ મંજૂરી : અરજદારની અરજીની પ્રાથમિક મંજૂરી મળ્યા બાદ ઈન્ટિમેશન લેટર સાથે નિયત નમૂનામાં બિનખેતીની પ્રોવિઝનલ મંજૂરી જનરેટ થશે જે અરજદારને ઈ-મેઈલ એડ્રેસ પર મોકલવામાં આવશે.

(7) ખેડૂત ખાતેદાર ખરાઈ : ખેડૂત ખાતેદાર હોવા અંગેની ઓનલાઈન ખરાઈ થશે.

(8) બોજા સાથે બિનખેતી પરવાનગી : જમીન પર મંડળી/બેન્કના બોજા બાકી હોય તો પણ બોજા સાથે બિનખેતી પરવાનગી આપવામાં આવશે.

## ગુજરાત સરકારની ઓનલાઇન મહેસૂલી સેવાઓ

તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલ **iORA** ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા **મહેસૂલ વિભાગ**ની નીચેની સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવે છે :

### Any RoR @ Anywhere

આ વેબ પોર્ટલ પરથી ગુજરાત સરકારના મહેસૂલ વિભાગની નીચેની સેવાઓ ઓનલાઈન જોઈ શકાય છે. તેમજ તેની નકલ મેળવી શકાય છે :

(1) જમીનનો રેકર્ડ (7/12, 8 અ વગેરે) (ગ્રામ્ય તથા શહેર)

(2) જમીન રેકર્ડને લગતા કેસોની વિગતો જોવા માટે

(3) મિલકતની વિગતો જોવા માટે (સબ રજિસ્ટ્રારને સંલગ્ન)

### Web Bhulekh

ઈ-ધરા કેન્દ્રમાં વેબ ભુલેખ એપ્લિકેશન મારફત મહેસૂલી અધિકારી દ્વારા આ મુજબના કાર્યો થાય છે :

(1) હક્ક પત્રની નોંધોને લગતી તમામ કામગીરી

(2) પાણી પત્રકની કામગીરી

(3) તમામ પ્રકારની જમીનને લગતી માહિતી મેળવી શકાશે.

### Garvi Application

આ એપ્લિકેશનના માધ્યમથી સબ રજિસ્ટ્રારની કચેરીમાં વિવિધ દસ્તાવેજોની નોંધણી થાય છે. જેમાંથી અરજદારો નીચેની વિગતો જાણી શકે છે તેમજ ઓનલાઈન સેવાઓ મેળવી શકે છે :

(1) જંત્રી દર

(2) મિલકતનું અંદાજિત મૂલ્યાંકન

(3) ઓનલાઈન પેમેન્ટ કરી શકે છે.

(4) નોંધાયેલ દસ્તાવેજની વિગતો જોઈ શકે છે અને અનુક્રમણિકા નં. 2ની પ્રિન્ટ મેળવી શકે છે.

### iRCMS

**iRCMS**નું પૂરું નામ **Integrated Revenue Case Management System** છે. જેનો ઉપયોગ આ પ્રમાણે છે :

(1) મહેસૂલી અધિકારી દ્વારા તમામ મહેસૂલી કેસોની એન્ટ્રી કરવામાં આવે છે જેનું જોડાણ અન્ય મહેસૂલી એપ્લિકેશન (iORA) સાથે હોઈ કેસોની લગતી તમામ માહિતીઓનો ઉપયોગ કરી શકાય છે. મહેસૂલી કેસોની સચોટ દેખરેખ રાખી શકાય છે.

(2) મહેસૂલી કેસ જ્યારે લિસ્ટિંગ થાય ત્યારે અરજદારને એસ.એમ.એસ. દ્વારા જાણ થાય છે. આગામી સમયમાં આ સેવા દ્વારા તમામ મહેસૂલી કેસોના હુકમની નકલ અરજદાર જન સેવા કેન્દ્રમાં મેળવી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## RFIMS

**RFIMSનું પૂરું નામ Revenue File Monitoring System છે.**

- **RFIMS દ્વારા ગુજરાતની તમામ મહેસૂલી કચેરીઓમાં નોંધાતી તમામ અરજીની ટ્રેકિંગ અને મોનિટરિંગની સુવિધા ઉપલબ્ધ થાય છે.**

## ICE Questions

1. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કયા બે શહેરો વચ્ચે સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટને મંજૂરી આપી છે ?
(A) અમદાવાદ - સુરત (B) અમદાવાદ - વડોદરા
(C) અમદાવાદ - રાજકોટ (D) અમદાવાદ - સોમનાથ **(C)**

2. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં અમદાવાદ - રાજકોટ વચ્ચે કયા રેલ પ્રોજેક્ટને મંજૂરી આપી છે ?
(A) હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ (B) મીટરગેજ રેલ પ્રોજેક્ટ
(C) સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

3. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા લેવાયેલા ક્રાંતિકારી નિર્ણયો સંદર્ભે ગુજરાતમાં કયા એક દિવસીય માર્ગદર્શક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) મહેસૂલ મહાક્રાંતિ (B) મહેસૂલમાં ક્રાંતિ (C) ઈ-મહેસૂલ (D) ઈ-મહેસૂલ ક્રાંતિ **(B)**

4. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા લેવાયેલા ક્રાંતિકારી નિર્ણયો સંદર્ભે માર્ગદર્શન આપવા ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં કઈ જગ્યાએ 'મહેસૂલમાં ક્રાંતિ' કાર્યક્રમનું આયોજન થયું હતું ?
(A) GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ (B) યુનિવર્સિટી કન્વેન્સન હોલ, અમદાવાદ
(C) વિધાનસભા ભવન, ગાંધીનગર (D) મહાત્મા મંદિર, ગાંધીનગર **(D)**

5. નવેમ્બર, 2019 દરમિયાન યોજાયેલા 'મહેસૂલમાં ક્રાંતિ' કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના મહેસૂલ વિભાગની કઈ ઓનલાઈન સુવિધા લોન્ચ કરી હતી ?
(A) ગરવી એપ્લિકેશન (B) iRCMS (C) iORA-2.0 (D) RFIMS **(C)**

6. iORAનું પૂરું નામ શું છે ?
(A) Integtrated Online Revenue Applications
(B) Integtrated Ofline Revenue Applications
(C) Integtrated Ofline Realtime Applications
(D) Integtrated Online Realtime Applications **(B)**

7. ગુજરાતમાં કઈ એપ્લિકેશનની મદદથી બિનખેતી પરવાનગી તેમજ વારસાઈ નોંધ માટેની અરજી ઓનલાઈન કરી શકાય છે ?
(A) ગરવી એપ્લિકેશન (B) iRCMS (C) iORA-2.0 (D) RFIMS **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**28 NOVEMBER, 2019 THURSDAY**

## ➤ ઈસરો દ્વારા વિશ્વનો સૌથી વધુ શક્તિશાળી કેમેરો ધરાવતો ઉપગ્રહ કાર્ટોસેટ-3 સહિત એક સાથે 14 ઉપગ્રહો લોન્ચ



27 નવેમ્બર 2019ના રોજ ભારતની અવકાશ સંસ્થા **ઈસરો** દ્વારા એક સાથે કુલ **14 ઉપગ્રહો** સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા છે.

- ભારતમાં **આંધ્રપ્રદેશ**ના **શ્રી હરિકોટા** ખાતે આવેલા **સતીષ ધવન સ્પેસ સેન્ટર** ખાતેથી **PSLV-XL C47** નામના રોકેટની મદદથી આ 14 ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા હતા.

### ઈસરો દ્વારા 300થી વધુ વિદેશી સેટેલાઈટ લોન્ચ

આ 14 ઉપગ્રહોમાંથી **ભારત**ના **1** ઉપગ્રહ **'કાર્ટોસેટ-3'** ઉપરાંત અન્ય **13** નેનો સેટેલાઈટ **અમેરિકા**ના હતા.

- આ 13 વિદેશી ઉપગ્રહો લોન્ચ કરવાની સાથે જ ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલા વિદેશી ઉપગ્રહોની સંખ્યા 300નો આંકડો પાર કરીને **310** થઈ ગઈ છે.
- ઈસરો દ્વારા સૌપ્રથમ **26 મે, 1999**ના રોજ **જર્મની** અને **દક્ષિણ કોરિયા**ના વિદેશી સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યા હતા.
- આ અંતર્ગત **26 મે, 1999**ના રોજ ઈસરોએ **PSLV-C2** રોકેટની મદદથી **જર્મની**નો **DLR-Tubsat** અને **સાઉથ કોરિયા**નો **Kitsat-3** નામનો ઉપગ્રહ લોન્ચ કર્યો હતો. જે ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલા **પ્રથમ વિદેશી ઉપગ્રહો** હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### કાર્ટોસેટ-3

**કાર્ટોસેટ-3** એ ભારતમાં ઈસરો દ્વારા નિર્મિત **એક Earth Observation (પૃથ્વી નિરીક્ષણ) ઉપગ્રહ** છે.

- ભારતના **IRS સિરિઝ**ના ઉપગ્રહોને સ્થાને આ ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે.
- આ ઉપગ્રહની મુખ્ય વિશેષતા એ છે કે આ ઉપગ્રહમાં પૃથ્વીના નિરીક્ષણ માટે **વિશ્વનો સૌથી વધુ શક્તિશાળી કેમેરો** ગોઠવવામાં આવ્યો છે.
- કાર્ટોસેટ-3 ઉપગ્રહની પૃથ્વીથી ઉંચી **509 કિલોમીટર**ની ભ્રમણકક્ષા પરથી આ કેમેરા દ્વારા જમીન પર રહેલી **25 સેન્ટિમીટર** સુધીની વસ્તુનો સ્પષ્ટ ફોટો પાડી શકાય છે. એટલે કે આ કેમેરાની મદદથી પૃથ્વી પર દોડતી કારનો નંબર, કોઈ વ્યક્તિના હાથમાં રહેલ મોબાઈલ, હથિયાર વગેરે જોઈ શકાય છે.
- આ કેમેરો **25 સેન્ટિમીટરનું રિઝોલ્યુશન** ધરાવે છે.
- જ્યારે આ અગાઉ વિશ્વના સૌથી શક્તિશાળી ગણાતા **અમેરિકા**ના ઉપગ્રહ **'વર્લ્ડ વ્યુ-3'**નું રિઝોલ્યુશન **31 સેન્ટિમીટર** સુધીનું હતું.
- જેનો રેકોર્ડ તોડીને ભારતે હવે સૌથી વધુ હાઈ રિઝોલ્યુશન કેમેરા ધરાવતો ઉપગ્રહ **કાર્ટોસેટ-3** લોન્ચ કર્યો છે.
- 1625 કિલોગ્રામ વજન ધરાવતો આ ઉપગ્રહ નકશા બનાવવા, રોડ નેટવર્ક પર દેખરેખ રાખવા તેમજ સમુદ્રી અને સરહદી સુરક્ષા તેમજ લશ્કરી કાર્યવાહીમાં ઉપયોગી થશે.
- આ ઉપગ્રહનું આયુષ્ય **5 વર્ષનું** છે.

**નોંધ :** (1) કાર્ટોસેટ-3માં રહેલા શક્તિશાળી કેમેરાને કારણે કાર્ટોસેટ-3ને **'અંતરિક્ષમાં ભારતની ત્રીજી આંખ'** પણ કહેવામાં આવે છે.

(2) સેટેલાઈટ તસવીરોનો દુરુપયોગ ન થાય તે માટે ભારત સરકારની વર્તમાન પોલિસી અનુસાર **1 મીટરથી ઓછું રિઝોલ્યુશન ધરાવતી સેટેલાઇટ તસવીરો** માત્ર સરકારના કબજામાં રહે છે. સામાન્ય વ્યક્તિઓને એ તસવીરો મળી શકતી નથી.

## ➤ કેનેડાને પરાજય આપીને સ્પેન ડેવિસ કપ 2019માં ચેમ્પિયન



તાજેતરમાં ફેબ્રુઆરીથી નવેમ્બર 2019 દરમિયાન **108મી ડેવિસ કપ 2019 ટેનિસ ટુર્નામેન્ટનું** આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં **કેનેડાને** પરાજય આપીને **સ્પેને** આ ટુર્નામેન્ટ **છઠ્ઠી વખત** જીતી લીધી છે.
- ડેવિસ કપ 2019ની આ ફાઈનલ મેચ **સ્પેનના મેડ્રીડ** ખાતે યોજાઈ હતી.
- આ ટુર્નામેન્ટમાં **સ્પેનના** પ્રસિદ્ધ ખેલાડી **શ્રી રાફેલ નડાલને** ટુર્નામેન્ટના **Most Valuable Player (MVP)** જાહેર કરવામાં આવ્યા છે.

### ડેવિસ કપ

ડેવિસ કપ એ એક **આંતરરાષ્ટ્રીય પુરુષ ટેનિસ ટુર્નામેન્ટ** છે.

- ડેવિસ કપ એ એક **ટીમ ઈવેન્ટ** છે. જેમાં વિવિધ દેશોની ટેનિસ ટીમો ભાગ લે છે.
- ડેવિસ કપને **'ટેનિસનો વર્લ્ડ કપ'** પણ કહેવામાં આવે છે.

**નોંધ :** (1) ડેવિસ કપનો પ્રારંભ **ઈ.સ. 1900થી** થયો હતો.

(2) અત્યાર સુધીમાં **અમેરિકાએ** સૌથી વધુ **32** વખત આ ટુર્નામેન્ટ જીતી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 27 નવેમ્બર 2019ના રોજ ઈસરો દ્વારા એક સાથે કેટલા ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા હતા ?
   (A) 12 (B) 13 (C) 14 (D) 31 — **(C)**
2. 27 નવેમ્બર 2019ના રોજ ઈસરોએ લોન્ચ કરેલા 14 ઉપગ્રહોમાંથી કયા દેશના 13 ઉપગ્રહો હતા ?
   (A) જર્મની (B) સાઉથ કોરિયા (C) નોર્થ કોરિયા (D) અમેરિકા — **(D)**
3. 27 નવેમ્બર 2019ના રોજ ઈસરોએ લોન્ચ કરેલા 14 ઉપગ્રહોમાં અમેરિકાના 13 અને ભારતના 1 ઉપગ્રહનો સમાવેશ થાય છે...ભારતના આ એક ઉપગ્રહનું નામ શું છે ?
   (A) કાર્ટોસેટ-1 (B) કાર્ટોસેટ-2 (C) કાર્ટોસેટ-3 (D) કાર્ટોસેટ-4 — **(C)**
4. ભારત દ્વારા તાજેતરમાં વિશ્વનો સૌથી વધુ શક્તિશાળી કેમેરા ધરાવતો એક ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે...આ ઉપગ્રહનું નામ શું છે ?
   (A) GSAT-6A (B) RISAT-3 (C) Microsat-R (D) Cartosat-3 — **(D)**

5. 27 નવેમ્બર, 2019ના રોજ ભારતે ક્યાંથી કાર્ટોસેટ-3 નામનો ઉપગ્રહ લોન્ચ કર્યો છે ?
(A) ડો. અબ્દુલ કલામ આઈલેન્ડ, ચાંદીપુર, ઓડિશા
(B) ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ, વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ
(C) સતીષ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ
(D) કોલકાતા, પશ્ચિમ બંગાળ **(C)**

6. 27 નવેમ્બર 2019ના રોજ ઈસરો દ્વારા કયા રોકેટની મદદથી કાર્ટોસેટ-3 નામનો ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો હતો ?
(A) GSLV-C46 (B) GSLV-C47 (C) PSLV-C46 (D) PSLV-C47 **(D)**

7. ઈસરો દ્વારા લોન્ચ થયેલો કાર્ટોસેટ-3 નામનો ઉપગ્રહ કયા પ્રકારનો ઉપગ્રહ છે ?
(A) હવામાન (B) સંદેશાવ્યવહાર (C) શિક્ષણ (D) નિરીક્ષણ **(D)**

8. ભારતમાં કઈ સિરિઝના ઉપગ્રહોને સ્થાને કાર્ટોસેટ-3 લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) IRS (B) IPS (C) IBS (D) LSR **(A)**

9. કાર્ટોસેટ-3ના કેમેરાનું રિઝોલ્યુશન કેટલા સેન્ટિમીટર સુધીનું છે ?
(A) 25 (B) 30 (C) 31 (D) 35 **(A)**

10. કાર્ટોસેટ-3નું આયુષ્ય કેટલા વર્ષનું છે ?
(A) 3 (B) 5 (C) 7 (D) 10 **(B)**

11. ડેવિસ કપ 2019 વિજેતા ટીમનું નામ શું છે ?
(A) અમેરિકા (B) આર્જેન્ટિના (C) કેનેડા (D) સ્પેન **(D)**

12. ડેવિસ કપ 2019ની ફાઈનલ મેચમાં કઈ ટીમને પરાજય આપીને સ્પેને છઠ્ઠી વખત ડેવિસ કપ જીતી લીધો છે?
(A) અમેરિકા (B) આર્જેન્ટિના (C) ફ્રાન્સ (D) કેનેડા **(D)**

13. ડેવિસ કપ 2019ની ફાઈનલ મેચ ક્યાં યોજાઈ હતી ?
(A) પેરિસ, ફ્રાન્સ (B) મેડ્રીડ, સ્પેન (C) ન્યુયોર્ક, અમેરિકા (D) ઓટાવા, કેનેડા **(B)**

14. ડેવિસ કપ કઈ રમત સાથે સંકળાયેલો છે ?
(A) ફૂટબોલ (B) હોકી (C) ક્રિકેટ (D) ટેનિસ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 29 NOVEMBER, 2019 FRIDAY

### ➤ મહારાષ્ટ્રમાં 'મહા વિકાસ ગઠબંધન'ની સરકાર, મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી પદે શ્રી ઉદ્ધવ ઠાકરેના શપથ

21 ઓક્ટોબર 2019ના રોજ મહારાષ્ટ્રમાં 14મી વિધાનસભા માટે ચૂંટણીનું આયોજન થયું હતું.

- ત્યારબાદ તેના રિઝલ્ટ જાહેર થયાને એક મહિનાથી વધુ સમય બાદ મહારાષ્ટ્રમાં શિવસેના, NCP અને કોંગ્રેસે સાથે મળીને નવી 'મહા વિકાસ અઘાડી' (MVA) ગઠબંધન સરકારની રચના કરી છે.
- આ અંતર્ગત 28 નવેમ્બર, 2019ના રોજ શિવસેનાના વડા શ્રી ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી પદે શપથ લીધા છે.

- મહારાષ્ટ્રમાં **મુંબઈ**ના ઐતિહાસિક **શિવાજી પાર્ક સ્ટેડિયમ**માં યોજાયેલા આ શપથવિધિ સમારોહમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ **શ્રી ભગતસિંહ કોશિયારી**એ શ્રી ઉદ્ધવ ઠાકરેને મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.
- **શ્રી ઉદ્ધવ ઠાકરે** મહારાષ્ટ્રના **19મા મુખ્યમંત્રી** બન્યા છે.
- આ ઉપરાંત શ્રી બાલા સાહેબ ઠાકરે પરિવારમાંથી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બનનાર તેઓ **પ્રથમ** વ્યક્તિ છે.



## શપથવિધિ

શપથવિધિ દરમિયાન **રાજ્યપાલ** મુખ્યમંત્રી અને મંત્રીશ્રીઓને બંધારણના **ત્રીજા પરિશિષ્ઠ** અનુસાર **હોદ્દો અને ગુપ્તતા**ના શપથ અપાવે છે.

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 164(3)** મુજબ રાજ્યપાલ દ્વારા આ શપથ અપાવવામાં આવે છે.
- આ શપથ **'ઈશ્વર'**ના નામે લેવામાં આવે છે.

**નોંધ :** (1) ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર વિધાનસભાની તમામ બેઠકોમાંથી વધુમાં વધુ **15 ટકા** મંત્રીઓને મંત્રીમંડળમાં સ્થાન આપી શકાય છે.

(2) ભારતીય બંધારણના **અનુચ્છેદ-163** અનુસાર રાજ્યને મદદ કરવા તથા સલાહ આપવા માટે મંત્રી પરિષદની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

(3) ભારતીય બંધારણના **અનુચ્છેદ-164** અંતર્ગત રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી દેવેન્દ્ર ફડનવીસ મહારાષ્ટ્રના સૌથી ટૂંકાગાળાના મુખ્યમંત્રી

શ્રી ઉદ્ધવ ઠાકરેના શપથ અગાઉ 23 નવેમ્બર 2019ના રોજ **શ્રી દેવેન્દ્ર ફડનવીસે** મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે **બીજી વખત** શપથ લીધા હતા.

- પરંતુ શપથ લીધાને ફક્ત **80 કલાક** બાદ જ તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું.
- આથી, **શ્રી દેવેન્દ્ર ફડનવીસ સૌથી ઓછા સમય માટે** મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બન્યા છે.
- જોકે, ભારતના કોઈ રાજ્યમાં સૌથી ઓછો સમય માટે મુખ્યમંત્રી બનવાનો રેકોર્ડ **શ્રી જગદંબિકા પાલ**ના નામે છે.
- શ્રી જગદંબિકા પાલ **ફેબ્રુઆરી 1998** દરમિયાન ફક્ત **44 કલાક** માટે **ઉત્તરપ્રદેશ**ના મુખ્યમંત્રી બન્યા હતા.

### શ્રી કાલિદાસ કોળંબકર પ્રોટેમ સ્પીકર

મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યોને શપથ અપાવવા માટે મહારાષ્ટ્ર વિધાનસભાના **પ્રોટેમ સ્પીકર** તરીકે ભાજપના **શ્રી કાલિદાસ કોળંબકર**ની નિમણૂક કરવામાં આવી છે.

- આ અંતર્ગત મહારાષ્ટ્રના રાજ્યપાલ **શ્રી ભગતસિંહ કોશિયારીએ** **શ્રી કાલિદાસ કોળંબકરને** **વિધાનસભાના સભ્ય** તરીકેના શપથ અપાવ્યા છે.
- આ શપથ લીધા બાદ શ્રી કાલિદાસ કોળંબકર પ્રોટેમ સ્પીકર તરીકે મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યોને શપથ અપાવશે.

**નોંધ :** (1) ભારતીય બંધારણમાં પ્રોટેમ સ્પીકરના પદની કોઈ જ જોગવાઈ નથી.

(2) વિધાનસભાના સ્પીકર તથા પ્રોટેમ સ્પીકરને **વિધાનસભાના સભ્ય તરીકે** શપથ લેવાના હોય છે, પરંતુ તેમણે **સ્પીકર અથવા તો પ્રોટેમ સ્પીકર તરીકેના** શપથ લેવાના હોતા નથી.

(3) **વિધાનસભાના પ્રોટેમ સ્પીકરને** વિધાનસભાના સભ્ય તરીકેના શપથ **રાજ્યપાલ** અપાવે છે.

(4) ભારતીય બંધારણના **અનુચ્છેદ 188** અનુસાર રાજ્યની **વિધાનસભા અથવા તો વિધાનપરિષદના** સભ્યોને **રાજ્યપાલ** અથવા તો **રાજ્યપાલ દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ** શપથ અપાવે છે.

## ➤ ગુજરાતના નવા મુખ્ય સચિવ તરીકે શ્રી અનિલ મુકિમની નિમણૂક



**ગુજરાત** રાજ્યના નવા **મુખ્ય સચિવ** તરીકે **શ્રી અનિલ મુકિમ**ની નિમણૂક કરવામાં આવી છે.

- 30 નવેમ્બર 2019ના રોજ નિવૃત્ત થઈ રહેલા **શ્રી જે. એન. સિંઘ**ના સ્થાને તેઓ ગુજરાતના નવા મુખ્ય સચિવ બનશે.
- શ્રી અનિલ મુકિમ **1985**ની બેચના **ગુજરાત** કેડરના IAS ઓફિસર છે.
- તેમનું પૂરું નામ **શ્રી અનિલ ગોપીશંકર મુકિમ** છે.
- આ નિમણૂક અગાઉ તેઓ **કેન્દ્ર સરકારના ખાણ ખનિજ વિભાગમાં સચિવ** તરીકે ફરજ બજાવતા હતા.
- ગુજરાતમાં તેઓ **અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર** તરીકે સારી કામગીરી બજાવી ચૂક્યા છે.
- 2001માં શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે પ્રથમ વખત ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે શ્રી અનિલ મુકિમ તેમના **અગ્ર સચિવ** હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


CONGRATULATION FOR FINAL SELECTIONS


SHARAD RUPARELIA
L.I.C. - APPRENTICE
DEVELOPMENT OFFICER


KAUSTUBH DAVE
L.I.C. - APPRENTICE
DEVELOPMENT OFFICER


YESHA PARIKH
POST OFFICE
ASST. BRANCH MANAGER

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 28 નવેમ્બર 2019ના રોજ મહારાષ્ટ્રમાં કયા ગઠબંધનવાળી નવી સરકારની રચના થઈ છે ?<br>(A) NDA (B) નયા મહારાષ્ટ્ર અઘાડી (NMA)<br>(C) મહારાષ્ટ્ર વિકાસ અઘાડી (MVA) (D) મહા વિકાસ અઘાડી (MVA) | (D) |
| 2. | શ્રી ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રના કેટલામા મુખ્યમંત્રી બન્યા છે ?<br>(A) 18મા (B) 19મા (C) 20મા (D) 21મા | (B) |
| 3. | મહારાષ્ટ્રના પ્રોટેમ સ્પીકર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) શ્રી બળવંતસિંહ ખડકે (B) શ્રી નાનાજી દેશપાંડે<br>(C) શ્રી કાલિદાસ કોળંબકર (D) શ્રી રામદે ફડણવીસ | (C) |
| 4. | ગુજરાતના નવા મુખ્ય સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? ?<br>(A) શ્રી અનિલ મુકિમ (B) શ્રી નયન શાહ<br>(C) શ્રી મુકુલ જોશી (D) શ્રી સુભાષ જૈન | (A) |
| 5. | શ્રી અનિલ મુકિમ કઈ કેડરના 1985ની બેચના IAS ઓફિસર છે ?<br>(A) રાજસ્થાન (B) મહારાષ્ટ્ર (C) મધ્યપ્રદેશ (D) ગુજરાત | (D) |

## 30 NOVEMBER, 2019 SATURDAY

### ➢ દિવસ મહિમા : 30 નવેમ્બર, કેમિકલ યુદ્ધનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેનો દિવસ (Day of Remembrance for all Victims of Chemical Warfare)

### ➢ પૂ. ઠક્કર બાપાની સાર્ધશતાબ્દિ જન્મજયંતીની ઉજવણી

29 નવેમ્બર 2019ના રોજ પૂ. ઠક્કર બાપાના જન્મને 150 વર્ષ પૂરા થયા છે.

- આ પ્રસંગે 'ભીલ સેવા મંડળ' દ્વારા ગુજરાતમાં પૂ. ઠક્કર બાપાની 150મી વર્ષગાંઠ નિમિત્તે પૂ. ઠક્કર બાપાની સાર્ધશતાબ્દિ જન્મજયંતીની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં દાહોદ જિલ્લાના ઝાલોદની ટીટોડી આશ્રમ શાળામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા.
- આ પ્રસંગે તેમણે પૂ. ઠક્કર બાપાને ભાવાંજલિ આપવાની સાથે સાથે શ્રી ટીટોડી કુમાર આશ્રમ શાળામાં 'પૂ. મોટા' તરીકે ઓળખાતા ગુજરાતના પ્રસિદ્ધ સમાજ સેવક શ્રી અંબાલાલભાઈ વ્યાસની પ્રતિમાનું અનાવરણ પણ કર્યું હતું.
- પૂ. ઠક્કર બાપા અને પૂ. મોટાએ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ અને સમાજ સેવા માટે સેવા યજ્ઞ આરંભ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પૂ. ઠક્કરબાપા



પૂ. ઠક્કર બાપાનું પૂરું નામ શ્રી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર છે.

- 29 નવેમ્બર 1869ના રોજ ગુજરાતના ભાવનગર ખાતે પૂ. ઠક્કર બાપાનો જન્મ થયો હતો.
- તેમણે ગુજરાતમાં આદિવાસી લોકોના ઉત્થાન માટે કાર્ય કર્યું હતું.
- શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે પાસેથી દીક્ષા લઈને તેઓ 1914માં 'ભારત સેવક સમાજ'માં જોડાયા અને અસ્પૃશ્યો અને આદિવાસીઓના અધિકારની હિમાયત કરી.
- ઈ.સ. 1919માં પંચમહાલમાં ભીષણ દુષ્કાળ પડ્યો. ત્યાં પણ તેમણે સેવાકીય પ્રવૃત્તિ આદરી હતી.
- પંચમહાલની ભીલ જાતિના ઉત્થાન માટે 1922-23માં તેમણે 'ભીલ સેવા મંડળ'ની સ્થાપના કરી.
- આ જ પ્રવૃત્તિ રાષ્ટ્રકક્ષાએ વિકસી અને તેમની પહેલથી 1948માં 'ભારતીય આદિમ જાતિ સેવક સંઘ' નામની વિશાળ સંસ્થાની સ્થાપના થઈ.
- ભારતના બંધારણના નિર્માણ સમયે પણ તેમણે ભારતના બંધારણમાં મૂલ્યવાન મુદ્દાઓ ઉમેર્યા હતા.

નોંધ : (1) મહાત્મા ગાંધીજી પૂ. ઠક્કર બાપાને 'બાપા' કહેતા હતા.

(2) સુરતમાં તાપી નદીના કિનારે હરિ ૐ આશ્રમના સ્થાપક શ્રી ચુનીલાલ આશારામ ભગત પણ 'પૂજ્ય શ્રી મોટા' તરીકે ઓળખાય છે.


(3) શ્રી અંબાલાલ વ્યાસ ('પૂજ્ય મોટા') એ 1923માં ઝાલોદના ટીટોડી ખાતે કુમાર આશ્રમ શાળાનો પ્રારંભ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ શ્રી મોહમ્મદ માંકડને વર્ષ 2018નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત

- "સુખ એટલે તમારી પાસે જે ફૂલો હોય,
  તેમાંથી ગજરો બનાવવાની કળા"
- "દરેક માણસના લોહીમાં પશુના લોહીનો અંશ પડેલો જ હોય છે, પરંતુ જ્યાં સુધી એને એની જરૂરિયાત જેટલું જ ખાવાનું મળે છે ત્યાં સુધી પોતાનું પોત એ પ્રકાશતું નથી. જરૂરિયાતથી વધારે, વિપુલ પ્રમાણમાં જ્યારે એને વસ્તુઓની પ્રાપ્તિ થાય છે ત્યારે જ એનામાં રહેલા પશુઓના લક્ષણો સપાટી ઉપર આવે છે."

– શ્રી મોહમ્મદ માંકડ



ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2018ના સાહિત્ય ગૌરવ પુરસ્કાર માટે પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી મોહમ્મદ માંકડની પસંદગી કરવામાં આવી છે.

- આ અંતર્ગત 29 નવેમ્બર 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સામે ચાલીને 90 વર્ષીય શ્રી મોહમ્મદ માંકડના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને જઈને તેમને આ પુરસ્કાર અર્પણ કર્યો હતો.

## શ્રી મોહમ્મદ માંકડ

શ્રી મોહમ્મદ માંકડનું પૂરું નામ **શ્રી મોહમ્મદ વલીભાઈ માંકડ** છે.

- 13 ફેબ્રુઆરી, 1928ના રોજ ગુજરાતમાં વર્તમાન **બોટાદ** જિલ્લાના **પાળિયાદ** ખાતે તેમનો જન્મ થયો હતો.
- શ્રી મોહમ્મદ માંકડ ગુજરાતના પ્રસિદ્ધ નવલકથાકાર, ટૂંકીવાર્તાકાર, કટાર લેખક, અનુવાદક અને બાળવાર્તાકાર છે.
- તેઓ **'ગુજરાત સમાચાર'**માં પ્રસિદ્ધ થતી **'કેલિડોસ્કોપ'** નામની કટારથી ખૂબ જ લોકપ્રિય થયા હતા.
- તેમની નવલકથાઓમાં કાયર, ધુમ્મસ, અજાણ્યા બે જણ, ગ્રહણરાત્રી, રાતવાસો, ખેલ, દંતકથા, બંધનગર (ભાગ 1 અને 2), ઝંખના, અનુત્તર, અશ્વ દોડ વગેરેનો સમાવેશ થાય છે.
- તેમણે માટીની મૂર્તિઓ, મનના મરોડ, વાત વાતમાં, ના, તપ, ઝાકળના મોતી અને મોહમ્મદ માંકડની વાર્તાઓ જેવા ટૂંકીવાર્તાના પુસ્તકો સજર્યા છે.
- આજની ક્ષણ, કેલિડોસ્કોપ (ભાગ 1થી 4), સુખ એટલે, આપણે માણસ (ભાગ 1 અને 2) અને ઉજાસ તેમના નિબંધ સંગ્રહો છે.
- ચંપુકથાઓ (ભાગ 1 અને 2) તેમની બાળવાર્તાઓનો સંગ્રહ છે.

## એવોર્ડ

(1) રણજિતરામ સુવર્ણચંદ્રક 2007
(2) ગુજરાતી સાહિત્ય પરિષદ એવોર્ડ 1967 અને 1992
(3) ગુજરાત સરકાર તરફથી એવોર્ડ 1969, 1971 અને 1973
(4) સાહિત્ય ગૌરવ પુરસ્કાર 2018

**નોંધ :** **શ્રી મોહમ્મદ માંકડ ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રથમ પ્રમુખ** હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સાહિત્ય ગૌરવ પુરસ્કાર

**ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર** દ્વારા દર વર્ષે **ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દુ અને કચ્છી** એમ કુલ **6 ભાષા**માં મહત્ત્વનું પ્રદાન કરનાર મૂર્ધન્ય (એટલે કે ટોચના) સાહિત્યકારોને **'સાહિત્ય ગૌરવ પુરસ્કાર'**થી સન્માનિત કરવામાં આવે છે.

- આ અંતર્ગત **ગુજરાતી** સાહિત્યમાં ઉત્કૃષ્ટ પ્રદાન માટે **શ્રી મોહમ્મદ માંકડ**ને વર્ષ **2018**નો આ પુરસ્કાર એનાયત થયો છે.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતા સાહિત્યકારને **એક પ્રતિમા, શાલ અને રૂ. 1 લાખ રોકડ પુરસ્કાર** અર્પણ કરવામાં આવે છે.
- **1983**માં સૌપ્રથમ **શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી**ને આ પુરસ્કાર એનાયત થયો હતો.

**સાહિત્ય ગૌરવ પુરસ્કાર વિજેતા કેટલાક સર્જકો**

| ક્રમ | સાહિત્યકાર | વર્ષ |
|---|---|---|
| 1 | શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી | 1983 |
| 3 | શ્રી ઉમાશંકર જોષી (Not Accepted) | 1985 |
| 32 | શ્રી વિનોદ જોષી | 2015 |
| 33 | શ્રી માધવ રામાનુજ | 2016 |
| 34 | શ્રી દિનકર જોષી | 2017 |
| 35 | શ્રી મોહમ્મદ માંકડ | 2018 |

**નોંધ :** 1985માં **શ્રી ઉમાશંકર જોષી**ને આ પુરસ્કાર એનાયત થયો હતો. પરંતુ તેમણે આ પુરસ્કાર **સ્વીકારવાનો ઈનકાર** કર્યો હતો.

## ➤ નાણાકીય વર્ષ 2019-20ના બીજા ત્રિમાસિકમાં ભારતનો GDP 4.5 ટકા

**CSO દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા આંકડા અનુસાર નાણાકીય વર્ષ 2019-20ના બીજા ત્રિમાસિક ગાળામાં એટલે કે જુલાઈથી સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 4.5 ટકા રહ્યો છે.**

- જે છેલ્લા 6 વર્ષનો ભારતનો સૌથી નીચો GDP વૃદ્ધિ દર છે.
- ભારતમાં આ અગાઉ વર્ષ 2012-13ના જાન્યુઆરીથી માર્ચ સુધીના ત્રિમાસિક ગાળામાં GDP વૃદ્ધિ દર 4.3 ટકા રહ્યો હતો.
- નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એટલે કે એપ્રિલથી જૂન 2019 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 5 ટકા રહ્યો હતો.
- ભારતમાં મેન્યુફેક્ચરિંગ અને કૃષિ સેક્ટરના નબળા દેખાવને કારણે નાણાકીય વર્ષ 2019-20ના બીજા ત્રિમાસિક ગાળામાં GDPમાં આ ઘટાડો જોવા મળ્યો છે.

### CSO

CSOનું પૂરું નામ Central Statistics Office છે.

- આ સંસ્થા ભારતમાં આંકડાકીય પ્રવૃત્તિઓનું સંકલન અને ભારતમાં આંકડાકીય માહિતીની જાળવણી કરે છે.
- તથા તે આંકડાકીય ધોરણો વિકસાવવાનું પણ કાર્ય કરે છે.
- CSOનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે. તે ભારત સરકારના Ministry of Statistics and Programme Implementation (આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય) અંતર્ગત કાર્ય કરે છે.

### ICE Questions

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'કેમિકલ યુદ્ધનો ભોગ બનેલા લોકોની સ્મૃતિ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 28 નવેમ્બર (B) 29 નવેમ્બર (C) 30 નવેમ્બર (D) 1 ડિસેમ્બર **(C)**

2. 29 નવેમ્બર, 2019ના રોજ ગુજરાતમાં કયા મહાનુભાવની સાર્ધશતાબ્દિ જન્મજયંતીની ઉજવણીમાં અથવા તો 150મી વર્ષગાંઠની ઉજવણીમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા ?
(A) પૂજ્ય મોટા (B) શ્રી મહાદેવભાઈ દેસાઈ
(C) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક (D) પૂ. ઠક્કર બાપા **(D)**

3. ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાયેલા પૂ. ઠક્કર બાપાની 150મી વર્ષગાંઠની ઉજવણીમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા ?
(A) ટીટોડી આશ્રમ શાળા, લીમખેડા (દાહોદ) (B) ટીટોડી આશ્રમ શાળા, ઝાલોદ (દાહોદ)
(C) ટીટોડી આશ્રમ શાળા, દેવગઢ બારિયા (દાહોદ) (D) ટીટોડી આશ્રમ શાળા, ગરબાડા (દાહોદ) **(B)**

4. 29 નવેમ્બર, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઝાલોદની ટીટોડી કુમાર આશ્રમ શાળામાં કોની પ્રતિમાનું અનાવરણ કર્યું છે ?
(A) શ્રી અમૃતલાલ ઠક્કર (B) શ્રી અંબાલાલ વ્યાસ (C) શ્રી ચુનીલાલ ભગત (D) શ્રી રવિશંકર મહારાજ **(B)**

5. વર્ષ 2018નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર કોને એનાયત થયો છે ?
(A) શ્રી મોહમ્મદ માંકડ (B) શ્રી કુમારપાળ દેસાઈ (C) શ્રી માધવ રામાનુજ (D) શ્રી રઘુવીર ચૌધરી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

6. સાહિત્ય ગૌરવ પુરસ્કારના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. ગુજરાત સાહિત્ય સભા, ગાંધીનગર દ્વારા દર વર્ષે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દુ અને કચ્છી ભાષામાં મહત્ત્વનું પ્રદાન કરનાર મૂર્ધન્ય સાહિત્યકારોને આ પુરસ્કાર એનાયત થાય છે.
2. આ પુરસ્કાર અંતર્ગત રૂ. 1 લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.
3. 1980માં સૌપ્રથમ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને આ પુરસ્કાર એનાયત થયો હતો.
4. શ્રી ઉમાશંકર જોષી અને શ્રી સુરેશ જોષીએ આ પુરસ્કાર સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો.
(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 2, 4 (D) ફક્ત - 2 **(D)**

7. 'ગુજરાત સમાચાર'માં પ્રસિદ્ધ થતી કઈ કટારથી શ્રી મોહમ્મદ માંકડ ખૂબ જ લોકપ્રિય થયા હતા ?
(A) જીવન સંધ્યા (B) જીવન આનંદ (C) જીવન ઉલ્લાસ (D) કેલિડોસ્કોપ **(D)**

8. શ્રી મોહમ્મદ માંકડનું પૂરું નામ શું છે ?
(A) શ્રી મોહમ્મદ હનીભાઈ માંકડ (B) શ્રી મોહમ્મદ ગનીભાઈ માંકડ
(C) શ્રી મોહમ્મદ વલીભાઈ માંકડ (D) શ્રી મોહમ્મદ સનીભાઈ માંકડ **(C)**

9. નાણાકીય વર્ષ 2019-20ના બીજા ત્રિમાસિક ગાળામાં અથવા તો બીજા ક્વાર્ટરમાં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહ્યો છે ?
(A) 5 ટકા (B) 4.9 ટકા (C) 4.8 ટકા (D) 4.5 ટકા **(D)**

10. નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ ક્વાર્ટરમાં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહ્યો છે ?
(A) 5 ટકા (B) 5.3 ટકા (C) 5.8 ટકા (D) 6.2 ટકા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતની 8 નગરપાલિકાઓમાં 177 MLDની ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર સોલાર સિસ્ટમ લગાવાશે

ગુજરાતના શહેરોમાં ઘરગથ્થુ ગંદા પાણીને પાઈપલાઈન નેટવર્કથી એકત્રિત કરીને તેને શુદ્ધ કરવા માટે **સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ** શરૂ કરવામાં આવ્યા છે. આ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના સંચાલન માટેનો વીજ ખર્ચ બચાવવા માટે ગુજરાત સરકાર દ્વારા એક પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અનુસાર ગુજરાતની **8 નગરપાલિકાઓ**માં **177 MLD (1770 કરોડ લિટર)**ની ક્ષમતા ધરાવતા **સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ** પર **સોલાર સિસ્ટમ** લગાવવામાં આવશે. આ આઠ નગરપાલિકાઓમાં **નડિયાદ, પેટલાદ, ધોળકા, વલસાડ, ગોધરા, પાટણ, હિંમતનગર અને વાપી**નો સમાવેશ થાય છે.

## ➤ ગુજરાતના ખેડૂતો પાસેથી હવે એક સમાન વીજ દર લેવામાં આવશે

ગુજરાત સરકાર દ્વારા અત્યાર સુધી કૃષિવિષયક વીજ ગ્રાહકો એટલે કે ખેડૂતો પાસેથી હોર્સ પાવરને આધારે અલગ-અલગ બે પ્રકારે વીજ દર વસૂલવામાં આવતા હતા. જેમાં 0 થી 7.5 હોર્સ પાવર સુધીનું વીજ જોડાણ ધરાવતા ખેડૂતોએ પ્રતિ વર્ષ હોર્સ પાવર દીઠ રૂ. 665 ચૂકવવાના થતા હતા. જ્યારે 7.5 હોર્સ પાવરથી વધુનું વીજ જોડાણ ધરાવતા ખેડૂતોએ પ્રતિ વર્ષ હોર્સ પાવર દીઠ રૂ. 807.50 ચૂકવવાના થતા હતા. જોકે હવે ગુજરાત સરકારે કરેલા નિર્ણય અનુસાર 0 થી 7.5 અને 7.5 હોર્સ પાવરથી વધુ એમ બંને પ્રકારના વીજ કનેકશન ધરાવતા ખેડૂતોએ પ્રતિ વર્ષ હોર્સ પાવર દીઠ રૂ. 665 જ ચૂકવવાના રહેશે. આથી 7.5 હોર્સ પાવરથી વધુ પાવરના વીજ કનેક્શન ધરાવતા ખેડૂતોને સરકારના આ નિર્ણયથી લાભ થશે.

# ભારત

## ➤ SPG (સંશોધન) બિલ 2019 લોકસભામાં પસાર

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે રજૂ કરેલું 'સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રૂપ - SPG (સંશોધન) બિલ 2019' લોકસભામાં પસાર થઈ ગયું છે. આ બિલમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં હવે વર્તમાન વડાપ્રધાન અને વડાપ્રધાન નિવાસસ્થાને તેમની સાથે રહેતા પરિવાર જનોને જ SPG સુરક્ષા મળશે. આ ઉપરાંત સરકારી નિવાસસ્થાને રહેતા પૂર્વ વડાપ્રધાન અને તેમની સાથે રહેતા પરિવારજનોને પણ પાંચ વર્ષ માટે SPG સુરક્ષા મળશે. ભારતમાં આ અગાઉ વડાપ્રધાન ઉપરાંત શ્રીમતી સોનિયા ગાંધી, શ્રી રાહુલ ગાંધી વગેરેને પણ SPG સુરક્ષા મળતી હતી. જે હવે હટાવી લેવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ શ્રી અભિમન્યુ મિથુન ટી-20 ક્રિકેટમાં એક ઓવરમાં પાંચ વિકેટ ઝડપનાર વિશ્વના પ્રથમ બોલર બન્યા

સુરત ખાતે રમાયેલી સૈયદ મુસ્તાક અલી ટી-20 ટ્રોફીની પહેલી સેમી ફાઈનલ મેચમાં કર્ણાટક તરફથી રમતા શ્રી અભિમન્યુ મિથુને ટીમ હરિયાણાની એક ઓવરમાં 5 વિકેટ ઝડપી હતી. આ સાથે જ શ્રી અભિમન્યુ મિથુન ટી-20 ક્રિકેટની મેચમાં એક ઓવરમાં પાંચ વિકેટ ઝડપનાર વિશ્વના પ્રથમ બોલર બની ગયા છે. આ ઉપરાંત શ્રી અભિમન્યુ મિથુન ભારતમાં ઘરેલુ ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં હેટ્રિક લેનાર પ્રથમ બોલર બની ગયા છે. શ્રી અભિમન્યુ મિથુને આ અગાઉ વિજય હજારે ટ્રોફી 2019-20માં પોતાના બર્થડેના દિવસે જ તમિલનાડુ સામે અને રણજી ટ્રોફી 2009માં ઉત્તરપ્રદેશ સામે હેટ્રિક લીધી હતી. શ્રી અભિમન્યુ મિથુનનો જન્મ કર્ણાટકના બેંગાલુરુ ખાતે થયો છે.

## ➤ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મુકેશ અંબાણી વિશ્વના નવમા ક્રમના સૌથી અમીર વ્યક્તિ બન્યા

ગૂગલના ફાઉન્ડર શ્રી લેરી પેજ અને સર્ગે બ્રિનને પાછળ રાખીને ફોર્બ્સની વિશ્વના અબજોપતિની રિયલ ટાઈમ લિસ્ટ અનુસાર શ્રી મુકેશ અંબાણી વિશ્વના નવમા ક્રમના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. આ યાદીમાં એમેઝોનના શ્રી જેફ બેજોસ પ્રથમ ક્રમે છે. શ્રી મુકેશ અંબાણી આ અગાઉ અલીબાબાના ફાઉન્ડર શ્રી જેકમાને પાછળ પાડીને એશિયાના સૌથી ધનવાન વ્યક્તિ બન્યા હતા.

## ➤ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ 10 લાખ કરોડની માર્કેટકેપ ધરાવતી ભારતની પ્રથમ કંપની બની

28 નવેમ્બર 2019ના રોજ **રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ**ના શેરનો ભાવ વધીને **1580** જેટલો થઈ ગયો હતો. આથી, એ સમયે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માર્કેટકેપ **10 લાખ કરોડ** થઈ ગઈ હતી. આ સાથે જ **રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ 10 લાખ કરોડ**ની માર્કેટ કેપ ધરાવતી **ભારતની પ્રથમ કંપની** બની ગઈ છે.

## ➤ સ્થાનિક ક્રિકેટરોને કોન્ટ્રાક્ટ આપનારું પંજાબ ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

**પંજાબ ક્રિકેટ એસોસિયેશને પંજાબના ક્રિકેટરોને** BCCIની જેમ જ કોન્ટ્રાક્ટ આપવાનો નિર્ણય કર્યો છે. આ સાથે જ સ્થાનિક ક્રિકેટરોને કોન્ટ્રાક્ટ આપનારું **પંજાબ** ભારતનું **પ્રથમ રાજ્ય** બની ગયું છે. પંજાબમાં સ્થાનિક ક્રિકેટને પ્રોત્સાહન આપવા માટે પંજાબ ક્રિકેટ એસોસિયેશન (PCA) દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે.

## ICE ? Questions

- ગુજરાત સરકારે પ્રાયોગિક ધોરણે ગુજરાતની કેટલી નગરપાલિકાઓમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર સોલાર સિસ્ટમ લગાવવાનો નિર્ણય કર્યો છે ? – 8
- ગુજરાત સરકારે પ્રાયોગિક ધોરણે ગુજરાતની 8 નગરપાલિકાઓમાં કેટલી ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર સોલાર સિસ્ટમ લગાવવાનો નિર્ણય કર્યો છે ? – 177 MLD
- ગુજરાત સરકારે કરેલા નિર્ણય અનુસાર ગુજરાતના 0થી 7.5 અને 7.5 હોર્સ પાવરથી વધુની ક્ષમતાના વીજ કનેક્શન ધરાવતા ખેડૂતો પાસેથી હવે પ્રતિ વર્ષ હોર્સ પાવર દીઠ કેટલા રૂપિયા લેવામાં આવશે ? – રૂ. 665
- ગુજરાત સરકાર દ્વારા અગાઉ 7.5 હોર્સ પાવરથી વધુની ક્ષમતાના વીજ કનેક્શન ધરાવતા ખેડૂતો પાસેથી પ્રતિ વર્ષ હોર્સ પાવર દીઠ કેટલા રૂપિયા લેવામાં આવતા હતા ? – રૂ. 807.50
- ભારતની લોકસભામાં 'SPG (સંશોધન) બિલ 2019' કોના દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું ? – શ્રી અમિત શાહ
- લોકસભામાં પસાર થયેલા 'SPG (સંશોધન) બિલ 2019' અનુસાર ભારતમાં વર્તમાન વડાપ્રધાન અને વડાપ્રધાન નિવાસસ્થાને તેમની સાથે રહેતા પરિવાર જનોને જ SPG સુરક્ષા મળશે. આ ઉપરાંત સરકારી નિવાસસ્થાને રહેતા પૂર્વ વડાપ્રધાન અને તેમની સાથે રહેતા પરિવાર જનોને કેટલા વર્ષ માટે SPG સુરક્ષા મળશે? – 5 વર્ષ
- ટી-20 ક્રિકેટમાં એક ઓવરમાં 5 વિકેટ ઝડપનાર વિશ્વના પ્રથમ બોલર કોણ છે ? – શ્રી અભિમન્યુ મિથુન
- શ્રી અભિમન્યુ મિથુન કયા રાજ્યના ખેલાડી છે ? – કર્ણાટક
- તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી ફોર્બ્સની વિશ્વના અબજોપતિની રિયલ ટાઈમ યાદીમાં ભારતના શ્રી મુકેશ અંબાણી કયા ક્રમે છે ? – નવમા
- 28 નવેમ્બર, 2019ના રોજ કઈ કંપની 10 લાખ કરોડની માર્કેટકેપ ધરાવતી ભારતની પ્રથમ કંપની બની છે ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ
- સ્થાનિક ક્રિકેટરોને કોન્ટ્રાક્ટ આપવાનો નિર્ણય કરનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ? – પંજાબ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉઝબેકિસ્તાનની મુલાકાત દરમિયાન ગુજરાત-ઉઝબેકિસ્તાન વચ્ચે કેટલા MOU થયા હતા ? – 11
2. નવેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં કયા સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એ સેક્ટરનું ઓનલાઈન રજીસ્ટ્રેશન પોર્ટલ લોન્ચ કર્યું છે ?
   – MSME (Micro, Small and Medium Enterprises)
3. નવેમ્બર 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે કેટલામા અમદાવાદ નેશનલ બુક ફેરનો પ્રારંભ કરાવ્યો હતો ? – 8મા
4. ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહના સંસદિય ક્ષેત્રમાં યોજાયેલી મહાત્મા ગાંધી સંકલ્પ યાત્રાનું ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ગાંધી આશ્રમ ખાતે સમાપન થયું હતું...આ મહાત્મા ગાંધી સંકલ્પ યાત્રાનો પ્રારંભ ક્યાંથી થયો હતો ? – વેજલપુર (અમદાવાદ)
5. નવેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં વિદ્યુત શુલ્ક માફીની અરજીઓ ઓનલાઈન મંજૂર કરતા કયા પોર્ટલનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગાંધીનગર ખાતેથી લોન્ચિંગ કરવામાં આવ્યું છે ?
   – www.ceiced.gujarat.gov.in
6. 23 નવેમ્બર, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં જૂનાગઢ ખાતે કઈ યુનિવર્સિટીના રૂ. 98 કરોડના ખર્ચે બનનાર નવા ભવનનું ખાતમુહૂર્ત કર્યું છે ?
   – ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
7. નવેમ્બર, 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાયેલા 'સહકાર સપ્તાહ પરિસંવાદ'માં ઉપસ્થિત રહ્યા હતા ? – અમરેલી
8. ગુજરાતમાં કયા જિલ્લાના 56 ગામોમાં સોલાર પાવરથી પાણી વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે ?
   – દાહોદ
9. ઉદ્યોગકારોને ઓનલાઈન વિદ્યુત શુલ્ક માફીની સુવિધા આપનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ? – ગુજરાત
10. ભારતની વસતી ગણતરી 2021 અંતર્ગત ગુજરાતમાં પ્રથમ તબક્કાની વસતી ગણતરી ક્યારે યોજાશે ?
    – એપ્રિલ 2020થી સપ્ટેમ્બર 2020

(નોંધ : ગુજરાતમાં પ્રથમ તબક્કાની વસતી ગણતરીનો પ્રારંભ મે-જૂન 2020થી નહિ, પરંતુ એપ્રિલ 2020થી થશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. એપ્રિલ 2020થી ગુજરાતમાં શરૂ થનાર વસતી ગણતરી અંતર્ગત ગુજરાતમાં વસતી ગણતરી માટે સૌપ્રથમ વખત શેનો ઉપયોગ થશે ? – મોબાઈલ એપ્લિકેશન

12. ગુજરાતમાં દાહોદ જિલ્લાના ઝાલોદ નજીક બિમાર પડેલી કઈ હાથણીની ગુજરાત સરકારના પશુપાલન વિભાગ દ્વારા સારવાર કરવામાં આવી છે ? – રૂપા નામની હાથણીની

13. ગુજરાત સરકારના પંચાયત વિભાગ દ્વારા ગુજરાતમાં ફરજ બજાવતા તમામ તલાટી કમ મંત્રીશ્રીઓની હાજરી હવે કઈ એપ્લિકેશન મારફત ઓનલાઈન કરવામાં આવી છે ? – ઈલેક્ટ્રોનિક તલાટી એટેન્ડન્સ સિસ્ટમ (ETAS)

14. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં જૂનાગઢમાં આવેલા કયા કિલ્લાની જાળવણી માટે રૂ. 25 કરોડ આપવાની જાહેરાત કરી છે ? – ઉપરકોટ

15. 25 નવેમ્બર, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જેડીએમ રિસર્ચ દ્વારા કઈ જગ્યાએ સ્થપાયેલા વિશ્વકક્ષાના સંશોધન અને વિકાસ કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું ?
– લસુન્દ્રા ગામ (તા. સાવલી, જિ. વડોદરા)

16. 26 નવેમ્બર 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરમાં આવેલા બહેરા-મૂંગા શાળા સોસાયટી સંકુલમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કર્યું છે ? – અમદાવાદ

17. કયા દેશની કોન્સ્ટેન્ટીઆ ફ્લેક્સીબલ્સ નામની કંપની દ્વારા ગુજરાતના અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મોરૈયા પાસે 9 વાર રિસાઈકલ થઈ શકે એવા પેકેજિંગ મટિરિયલ્સના વિશ્વના પ્રથમ પ્લાન્ટનો પ્રારંભ થયો છે ?
– ઓસ્ટ્રિયા

(નોંધ : કોન્સ્ટેન્ટીઆ ફ્લેક્સીબલ્સ ઓસ્ટ્રેલિયાની નહિ પરંતુ ઓસ્ટ્રિયાની પેકેજિંગ મેન્યુફેક્ચર કંપની છે. તેનું હેડક્વાર્ટર ઓસ્ટ્રિયાના વિયેના ખાતે આવેલું છે.)

18. ભારતના ઓલિમ્પિક મેડલ વિજેતા એકમાત્ર કયા પુરુષ બોક્સરે દુબઈમાં રમાયેલા સુપર મિડલ વેઈટ મુકાબલામાં ઘાનાના શ્રી ચાર્લેસ એડામુને હરાવીને પ્રોફેશનલ બોક્સિંગમાં સતત 12મો વિજય મેળવ્યો છે ?
– શ્રી વિજેન્દર સિંઘ

19. શ્રી વિજેન્દર સિંઘ કયા રાજ્યના પ્રોફેશનલ બોક્સર છે ? – હરિયાણા

20. ગુજરાતના અમદાવાદમાં જન્મેલા કયા ક્રિકેટ અમ્પાયરે BCCIના અમ્પાયર તરીકે નિવૃત્તિ જાહેર કરી છે ?
– શ્રી અમીષ સાહેબા

21. કયા વ્યક્તિએ JCBને (અથવા તો JCB કંપનીના ટ્રેક્ટરને) લગભગ 217 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડાવીને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે ? – શ્રી ગે માર્ટિન (બ્રિટન)

22. સતત 32 ડેવિસ કપ મેચ જીતનાર વિશ્વના પ્રથમ ખેલાડી કોણ છે ? – શ્રી રાફેલ નડાલ (સ્પેન)

23. તાજેતરમાં કયા શહેરના મ્યુઝિયમમાંથી તસ્કરોએ અંદાજે 1 અબજ યુરોના ઘરેણાની ચોરી કરી છે ?
– ડ્રેસડન (જર્મની)

24. ગુજરાત સરકાર દ્વારા હવે ગુજરાતની કેટલી ITIમાં શિખાઉ લાઈસન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે ?
– 221

25. ભારતમાં ડ્રાઈવિંગ લાઈસન્સની કામગીરી માટે કયા પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકાય છે ?
– parivahan.gov.in

26. કર્ણાટકના મૈસૂર ખાતેથી જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે લાવવામાં આવેલ કઈ માદા હિપ્પોપોટેમસે તંદુરસ્ત બચ્ચાને જન્મ આપ્યો છે ? – ઐશ્વર્યા

27. વર્ષ 2019માં કયા રાજ્યની છિંગ છીપ સૈનિક સ્કૂલમાં 12 છોકરીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે ? – મિઝોરમ

28. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કયા રાજ્યના 800 યુવાનોએ 1000 ફૂટ લાંબો ત્રિરંગો લહેરાવ્યો હતો ? – કર્ણાટક

29. ભાવનગરમાં રમાયેલી 65મી નેશનલ સ્કૂલ ગેમ્સ અંડર-17 જુડો ચેમ્પિયનશિપમાં ગુજરાતની કઈ યુવતીએ બેસ્ટ જુડો પ્લેયરનો એવોર્ડ જીત્યો છે ? – સુશ્રી મેહરુખ મકવાણા

30. 1962માં ચીન અને ભારત વચ્ચેના કયા યુદ્ધમાં એક હજારથી વધુ ચીની સૈનિકોને મોતને ઘાટ ઉતારીને આહીર સમાજના 100થી વધુ વીર જવાનોએ દેશની રક્ષા કાજે શહીદી વહોરી હતી ? – રેજાંગલા યુદ્ધ

31. ગુજરાતના ભાવનગરમાં સાડા છ દાયકાથી ગુજરાતી ભાષામાં સાહિત્ય દ્વારા જ્ઞાન સંસ્કાર સિંચનમાં ભગીરથ કાર્ય કરનાર કયું ટ્રસ્ટ 26 જાન્યુઆરી 2020થી બંધ થશે તેવી જાહેરાત કરવામાં આવી છે ? – લોકમિલાપ ટ્રસ્ટ
(શ્રી ઝવેરચંદ મેઘાણીના પુત્ર શ્રી મહેન્દ્રભાઈ મેઘાણીએ 26 જાન્યુઆરી, 1950ના રોજ મુંબઈમાં આ ટ્રસ્ટની સ્થાપના કરી હતી. ત્યારબાદ 1954માં તેનું કાર્યાલય ભાવનગર ખાતે ખસેડી લેવામાં આવ્યું હતું.)

32. તાજેતરમાં દિલ્હી એન્ડ ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિયેશનના અધ્યક્ષ પદેથી કોણે રાજીનામું આપ્યું છે ?
– શ્રી રજત શર્મા

33. FIFA દ્વારા વર્ષ 2020ના અંડર-17 મહિલા ફૂટબોલ વર્લ્ડ કપના આયોજન માટે કયા દેશની પસંદગી કરવામાં આવી છે ? – ભારત

34. ભારતમાં આ અગાઉ કયા વર્ષે પુરુષો માટેના અંડર-17 FIFA ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન થયું હતું ? – 2017

35. ભારતમાં રાજ્યપાલોના 50મા સંમેલનનું આયોજન કયાં થયું હતું ? – નવી દિલ્હી

36. 22થી 28 નવેમ્બર 2019 દરમિયાન એશિયન તિરંદાજી (Archery) ચેમ્પિયનશિપ 2019નું આયોજન કયાં થયું હતું? – બેંગકોક, થાઈલેન્ડ

37. થાઈલેન્ડના બેંગકોક ખાતે યોજાયેલી એશિયન તિરંદાજી ચેમ્પિયનશિપ 2019માં મેડલ ટેબલમાં ભારત કયા ક્રમે છે ?
– સાઉથ કોરિયા બાદ બીજા ક્રમે

38. એશિયન તિરંદાજી ચેમ્પિયનશિપ 2019ની મિક્સડ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ વિજેતા ભારતીય ખેલાડીનું નામ શું છે ? – શ્રી અભિષેક વર્મા અને સુશ્રી જ્યોતિ સુરેખા વેન્નમ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

39. એશિયન તિરંદાજી ચેમ્પિયનશિપ 2019માં સ્વતંત્ર ખેલાડી તરીકે 1 બ્રોન્ઝ મેડલ સહિત કુલ 3 બ્રોન્ઝ મેડલ વિજેતા ભારતીય તિરંદાજ કોણ છે ? – શ્રી અતાનુ દાસ (પશ્ચિમ બંગાળ)

40. વર્ષ 2023નો મેન્સ હોકી વર્લ્ડ કપ કયાં યોજાશે ? – ભારત

41. વર્ષ 2023નો મેન્સ હોકી વર્લ્ડ કપ ભારતમાં કયાં યોજાશે ? – ભૂવનેશ્વર અને રાઉરકેલા (ઓડિશા)

42. 'ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ' (ગુજસીટોક)નો ગુજરાતમાં ક્યારથી અમલ થશે? – 1 ડિસેમ્બર, 2019થી

43. શ્રીલંકાના નવા રાષ્ટ્રપતિ શ્રી ગોટાબાયા રાજપક્સાની ભારત મુલાકાત દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રીલંકાને કેટલા રૂપિયાની સહાયની જાહેરાત કરી છે ? – રૂ. 3250 કરોડ (450 કરોડ ડોલર)

44. કેન્દ્રીય અન્ન, જાહેર પુરવઠા અને ગ્રાહક બાબતો અંગેના મંત્રી શ્રી રામવિલાસ પાસવાને કરેલી જાહેરાત અનુસાર ભારતમાં ક્યારથી સોનાના ઘરેણા પર હોલમાર્કિંગ ફરજિયાત થઈ જશે ? – 15 જાન્યુઆરી, 2021થી
(આ માટે એક વર્ષ અગાઉ 15 જાન્યુઆરી, 2020ના રોજ જાહેરનામુ બહાર પાડવામાં આવશે.)

45. તાજેતરમાં કયા દેશના સંશોધકોએ પૃથ્વીથી 15,000 પ્રકાશવર્ષના અંતરે સૂર્ય કરતા 70 ગણા કદનો બ્લેક હોલ શોધ્યો છે ? – ચીન

46. તાજેતરમાં ગુજરાતમાં કઈ જગ્યાએ ભારતીય નૌકાદળમાં 4 નવા CS ડોર્નિયર વિમાન સામેલ કરવાનો સમારોહ યોજાયો હતો ? – પોરબંદર નૌસેના મથક

47. ભારતીય નૌકાદળમાં 4 નવા CS ડોર્નિયર વિમાન સામેલ કરવામાં આવ્યા છે...તેમાંથી એક ગુજરાતમાં કઈ જગ્યાએ તૈનાત રહેશે ? – પોરબંદર નૌસેના મથકે

48. કેન્દ્ર સરકારે ટોલ ચૂકવવા માટે ફાસ્ટેગ ફરજિયાત બનાવવાની 1 ડિસેમ્બર 2019 સુધીની તારીખ લંબાવીને હવે કેટલી કરી છે ? – 15 ડિસેમ્બર, 2019

49. ધ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM) દ્વારા પ્રસિદ્ધ થયેલા ગ્લોબલ માઈગ્રેશન રિપોર્ટ 2020 અનુસાર પોતાનો દેશ છોડીને વિદેશમાં સ્થાયી થતા પ્રવાસીઓમાં સૌથી વધુ સંખ્યા કયા દેશના નાગરિકોની છે ?
– ભારત (1.75 કરોડ) (ભારત બાદ આ યાદીમાં મેક્સિકો બીજા અને ચીન ત્રીજા ક્રમે છે.)

50. વર્ષ 2019નો જ્ઞાનપીઠ એવોર્ડ કોને એનાયત થયો છે ?
– શ્રી અક્કિતમ અચ્યુતન નંબૂથિરી (જન્મ : કેરળ, મલયાલમ ભાષાના લેખક)

51. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી ઉદ્ધવ ઠાકરેના મુખ્યમંત્રી પદના શપથની સાથે કેટલા મંત્રીઓએ મંત્રી પદે શપથ લીધા છે ? – 6

52. કેન્યાના બિનસરકારી સંગઠન ગિવ પાવરે સમુદ્રના ખારા પાણીને પીવાલાયક બનાવવા માટે કઈ જગ્યાએ વિશ્વનો પ્રથમ સોલાર વોટર પ્લાન્ટ સ્થાપ્યો છે ? – કિઉંગા શહેર (પાપુઆ ન્યુ ગિની)

53. ચેમ્પિયન્સ લીગની મેચમાં સૌથી વધુ 34 ટીમો વિરુદ્ધ ગોલ કરનાર વિશ્વના એકમાત્ર ફૂટબોલ ખેલાડી કોણ છે ?
– શ્રી લિયોનેલ મેસ્સી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

54. ભારતના કયા બે કેન્દ્ર શાસિત પ્રદેશોને મર્જ કરીને એક કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવવા માટે લોકસભામાં ખરડો રજૂ થયો છે ? – દમણ અને દીવ, દાદરા અને નગર હવેલી

55. 28-29 નવેમ્બર, 2019 દરમિયાન 47મી ઓલ ઈન્ડિયા પોલીસ સાયન્સ કોંગ્રેસનું આયોજન ક્યાં થયું હતું કે જેના મુખ્ય અતિથિ સુશ્રી કિરણ બેદી હતા ? – લખનૌ, ઉત્તરપ્રદેશ

56. તાજેતરમાં ઈરાકના કયા વડાપ્રધાને રાજીનામું આપવાની જાહેરાત કરી છે ? – શ્રી આદેલ અબ્દુલ મેહદી

57. સંયુક્ત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્યોને 2030 સુધી પૂરા કરવા માટે ભારતના કયા શહેરમાં આવેલા સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP)ના કાર્યાલયમાં એક્સેલરેટર લેબની સ્થાપના કરવામાં આવી છે ? – નવી દિલ્હી

58. ભારતીય થળ સેના દ્વારા ક્યાંથી સ્પાઈક મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ? – મઉ, મધ્યપ્રદેશ

59. સ્પાઈક કયા પ્રકારની મિસાઈલ છે ? – ફાયર એન્ડ ફર્ગેટ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ

60. સ્પાઈક મિસાઈલનું નિર્માણ કઈ કંપની દ્વારા કરવામાં આવ્યું છે ? – રાફેલ એડવાન્સ્ડ ડિફેન્સ સિસ્ટમ (ઈઝરાયેલ)

61. ભારતમાં કઈ જગ્યાએ નવા રોકેટ લોન્ચ પેડની સ્થાપના માટેની યોજના બનાવવામાં આવી રહી છે ?
– તમિલનાડુ (તમિલનાડુમાં કુલશેકરપત્તિનમ પાસે)

62. કેન્દ્ર સરકારે ભારતના કયા રાજ્યમાં વીજ કનેક્ટિવિટી માટે એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) સાથે 451 મિલિયન ડોલરની ઋણ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે ? – તમિલનાડુ

63. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં 15મા નાણાપંચનો કાર્યકાળ કેટલા સમય માટે વધારવાની મંજૂરી આપવામાં આવી છે ?
– 1 વર્ષ

64. કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ અને દમણ તથા દાદરા અને નગર હવેલીના વિલય બાદ નવા રચાનાર કેન્દ્ર શાસિત પ્રદેશનું નામ શું છે ? – દાદરા, નગર હવેલી, દમણ અને દીવ

65. ભારતીય બંધારણ દિવસની 70મી વર્ષગાંઠ નિમિત્તે કેન્દ્ર સરકાર દ્વારા કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ?
– નાગરિક કર્તવ્ય પાલન અભિયાન

66. ભારતીય બંધારણ દિવસની 70મી વર્ષગાંઠ નિમિત્તે કેન્દ્ર સરકાર દ્વારા 'નાગરિક કર્તવ્ય પાલન અભિયાન' અંતર્ગત કયું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ? – કર્તવ્ય (Kartavya.ugc.ac.in)

67. બ્રિટનની રોયલ એરોનોટિકલ એકેડમી દ્વારા ભારતના કયા મહાનુભાવને માનદ ફેલોશિપ એનાયત કરવામાં આવી છે ? – શ્રી જી. સતીશ રેડ્ડી (DRDOના વર્તમાન અધ્યક્ષ)

68. ભારતના પ્રથમ લોકપાલ જસ્ટિસ પિનાકી ચંદ્ર ઘોષ દ્વારા લોન્ચ કરવામાં આવેલું લોકપાલનું આદર્શ વાક્ય શું છે ?
– 'મા ગૃધઃ કસ્યસ્વિદ્ધનમ્' (જેનો અર્થ થાય છે, કોઈના ધનનો લોભ ન કરો)

69. લોકપાલના લોગો માટે કોના દ્વારા ડિઝાઈન કરવામાં આવેલો લોગો પસંદ કરવામાં આવ્યો છે ?
– શ્રી પ્રશાંત મિશ્રા (પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ)

70. 26 નવેમ્બર, 2019ના રોજ બોમ્બે સ્ટોક એક્સચેન્જના સેન્સેક્સે સૌપ્રથમ વખત કયો આંક પાર કર્યો હતો ?
– 41,000

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

**FACEBOOK**
**icerajkot**

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

**(t.me / icerajkotofficial)**

આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.